અલ્લાહો અકબર.

એહકામે ઈલાહી

ઓર

આયાતે કુરઆની.

ઇસમાઇલ અહમદ.

અને તમારામાં એક એવી જમાઅત પણ હોવી જોઇએ કે જે (લોકોને) ભલાઈ તરફ બોલાવે અને સારા કામ કરવાનું કહે અને દુષ્ટ કામની મના કરે અને આખેરતમાં આવાજ લોકો પોતાની મુરાદે પહોંચશે.

(૩. ૧૨ વલ્તકુમ મીનકુમ .....હોમુલમુફ્લેહુન)

૭૮૬

અલ્લાહો અકબર.

એહકામે ઇલાહી

ઓર

આયાતે કુરઆની.

લખનાર અને તરજુમો કરી પ્રગટ કરનાર,

ઇસમાઈલ અહમદ.

બિન

અહમદ યુસોફ ભાભા.

ઓલવાડ,—જી. સુરત.

ને ૧૯૨૪ કોપી ૫૦૦ હિજરી ૧૩૪૩

કીંમત દશ આના પોસ્ટેજ જુદું.

આફ્રીકા માટે ૧ શીલીંગ ૭ પેની.

સુચના.

દરેક આયતની છેવટમાં જે આંકડા આપવામાં આવ્યા છે તેમાંના પહેલા આંકડા સુરાના છે અને બીજા આંકડા તે સુરાના રકુઅના છે. દાખલા તરીકે ૨૪-૪ એટલે ચોવીસમી સુરાના ચોથા રકુઅની તે આયત છે.

ઉપરાંત

પ્રુફમાં નજર ચુકથી નીચલી ભુલો છપાઇ છે તે દરેક ભાઇએ વાંચવા પહેલાં સુધારી લેવી.

પાનું	લીટી	ભુલ	સહી
૨	૧૫	ઈસ્લામના	ઇલમના
૭	૧૩	તે	તેને
૮	૧૧	આજે	અને
૧૬	૨૩	સુરજી	સુરત
૨૧	૧૨	જવા	૦
૨૩	૯	ને	તે
૨૭	૫	ને	૦
૩૧	૨૦	હમારો	તમારો

આ ચોપડી ધી " અમદાવાદ ફાઇન આર્ટ " પ્રિ. પ્રેસમાં,
માલેક સુલેમાન ઇબ્રાહીમ છાપખાનાવાળાએ છાપી.
ઠે. જુમા મસ્જીદ સામે,—અમદાવાદ.

જનાબ મોહમ્મદ

માર્મડ્યુક પિકથોલ સાહેબે

વિલાયતમાં રહી ઇસલામની જે કીમતી સેવાઓ બજાવી છે, તેની અને તેઓ જ્યારથી હિંદમાં પધાર્યા છે ત્યારથી જે મહાન સેવાઓ "બોમ્બે ક્રોનીકલ" ના અધિપતિ તરીકે અને બીજે રસ્તે બજાવી રહ્યા છે તેની અંતઃકરણ પુર્વક કદર કરતાં તેમનું મુબારક નામ ગુજરાતી ધાર્મિક સાહિત્યમાં સજીવન રહે એ માટે હું મારી મઝહબી કિતાબ તેમને માન સહિત અર્પણ કરતાં અતિ આનંદ પામું છું.

સેવક,

ઇસ્માઇલ અહમદ.

અનુક્રમણિકા

પ્રસ્તાવના.

કલેમતો હીકમતીમ મીન સફીહીન ફકબેલુહા
વ કલેમતો સફહતીમ મીન હકીમીન ફગફેરુહા*

હે ઝાત વાહેદ ઇબાદતકે લાયક–ઝબાં ઔર દીલકી શહાદતકે લાયક
ઉસીકે હેં ફરમાં ઇતાઅતકે લાયક–ઉસીકી હે સરકાર ખીદમતકે લાયક
લગાવો તો લો ઉસસે અપની લગાઓ–ઝુકાવો તો સર ઉસકે આગે ઝુકાઓ

આ કીતાબ લખવામાં મારો મુળ હેતુ એ છે કે આ જમાનામાં મુસલમાનો જે ગુનાહો વગર બહીકે અને ખુલ્લી રીતે કરી રહ્યા છે; અને જે જે બીમારિયોમાં તેઓ પીડાઈ રહેલા છે, તે વિષે અલ્લાહના જે ખુલ્લા અને સાફ ફરમાનો કુરઆને પાકમાં મોજુદ છે, તે મુસલમાનો ઉપર રોશન કરવા. અને એ નીયતથીજ આ નાની સરખી કીતાબ મુસલમાનોની સેવામાં રજુ કરતાં મને ખુશી થાય છે. એમાં માત્ર કુરઆને શરીફની આયતોનાજ ભાષાંતર આપવામાં આવેલા છે. હદીસો વીગેરે આપી નથી એમ કરવાથી મોટી કીતાબ થઈ જવાની બીક રહે છે.

જો મુસલમાનો આ કીતાબ પઢી અલ્લાહના એહકામોથી ડરી જઇ પોતાનો રંગ નહી બદલે તો એને લખી પ્રગટ કરવામાં કાંઈ ફાયદો નથી. હવે તે વખત આવી પહોંચયો છે કે દરેક મુસલમાને પછી તે જવાન હોય કે વૃદ્ધ, નાદાન હોય કે દાના દરેકે ખુદાના હુકમો ઉપર લબબૈક કહેવા અને

* દાનાઇની વાત જો નાદાન કહે તો તેને કબુલ કરો અને નાદાનીની વાત જો દાના કહે તો તેને બક્ષી દો.

"અતીયુલ્લાહે વ અતીયુરસુલ" ઉપર અમલ કરવા કમર બાંધી તૈયાર થઈ જવું જોઇએ. એમ કરવાથી–અને ફક્ત એમજ કરવાથી મુસલમાનો પોતાને ઝીલ્લતના ખાડામાંથી ઉપર કાઢી શકશે. આ પ્રથવી ઉપર જેટલી બુરાઇઓ એક કોમમાં ઉતપન્ન થઈ શકતી હોય, તે બધી મુસલમાનોમાં ઉતપન્ન થઇ ચુકી છે. એક કોમની સિથતિની ખરાબીની જે છેલ્લી હદ હોય છે, તે હદ સુધી આજે આપણી કોમ પહોંચી ચુકી છે.

કોમની દશા બરબાદ થઇ ચુકી છે; ઈલમનો અંત આવી ગયો છે; ઈજ્જતદારો ઝલીલ થઇ ગયા છે; ગરીબાઇની ઘેરઘેર બુમ છે; અખલાક બીલકુલ બગડી ગયા અને બગડતા જાય છે, રસમ અને રીવાજની બેડી હરએકના પગમાં પડેલી છે; જહાલત સઉની ગરદનપર સવાર છે, દીનનું માત્ર નામ બાકી રહી ગયું છે. આ છે કોમની સ્થિતિનું ખરૂં ચિત્ર! મુસલમાનો, આંખ ઉઘાડો અને જુઓ! અને વીચાર કરો; તમારા અસલાફ–વડીલો કોણ હતા, અને તમે કોણ છો! તેઓ ઇજ્જતદાર હતા, તમારા પાસે ઇજ્જત નથી; તેઓ અલ્લાહ અને રસુલના હુકમ ઉઠાવનારા હતા, તમે તેવા નથી; તેઓ ઇસ્લામના બાદશાહ હતા, તમે જહાલતના માલેક છો; તેઓ આપસમાં ભાઇ ભાઈ હતા, તમે એક બીજાની ગરદન ઉપર છરી મુકવાને તૈયાર રહો છો; તેઓ આઝાદ હતા, તમે ગુલામ છો, તમે ગુલામીની નજાસતમાં પેદા થાઓ છો અને ગુલામીમાં જીંદગી ગાળો છો અને ગુલામીમાંજ મરો છો.

મુસલમાનો અને ખાસ કરી ગુજરાતના મુસલમાનોની

હાલની સ્થિતી વીષે અને તેઓમાં જે જે નબળાઈઓ જોવામાં આવે છે, તે વીષે ખુલાસા સાથે જુદા જુદા વીષયો મુજબ નીચે લખું છું.

તવહીદ

ઈસલામમાં સૌથી પહેલી ચીઝ અને સઉથી જરૂરી તવહીદજ છે. તવહીદના પ્રચારને માટે ઇસ્લામ દુન્યામાં આવ્યો છે. દુન્યાથી શીર્કને મીટાવવાનું બીડું ઇસ્લામે ઉઠાવ્યું હતું. બયતુલ્લાહમાં ત્રણસોથી વધુ બુતોની પુજા કરવામાં આવતી હતી. તે ઘરને ઇસ્લામે એક ટુંક મુદતમાંજ એ શીર્કથી પાક કીધું હતું અને આજે તેજ જગ્યાએ તવહીદના નારાઓ બુલંદ થઇ રહ્યા છે. અને ઈસલામી છેલ્લા મહીનામાં "લબબયક અલ્લાહુમમ લબબયક લા શરીકલક લબબયક" ની સદાઓથી સફા અને મરવાહ ગુંજી ઉઠે છે. જે દીને તવહીદનો સબક શિખવયો, તે દીનના માનવા વાલાઓ આજે હીંદુસ્તાનમાં શું કરી રહયા છે? તવહીદ વીષેની તેઓની ખરી હાલત મોલોના હાલી (મર્હુમ) ના શબ્દોમાં નીચે મુજબ છે.

કરે ગૈર ગર બુતકી પુજા તો કાફિર—જો ઠેરાયે બેટા ખુદાકા તો કાફિર
ઝુકે આગપર બહેરે સજદહ તો કાફિર—કવાકિબમે માને કરીશમહ તો કાફિર
મગર મોમીનોંપર કુશાદાહ હૈં રાહેં—પ્રશ્નતિશ કરેં શોકસે જીસકી ચાહેં
ઇમામોંકા રૂતબા નબીસે બઢાયેં—નબીકો જો ચાહેં ખુદા કર દીખાયેં
મઝારોંપે દીન રાત નઝરેં ચઢાયેં—શહીદોંસે જા જા કે માંગેં દુઆયેં
ન તવહીદમેં કુચ્છ ખલલ ઇસસે આયે—ન ઇસ્લામ બીગડે ન ઇમાન જાયે!!

તે મહાન રસુલે અકરમ (સલ) નું સાફ અને ખુલ્લું ફરમાન હતું કેઃ—

બનાના ન તુરબતકો મેરી સનમ તુમ
ન કરના મેરી કબર પર સરકો ખમ તુમ

પણ અહીંયા તો હઝરતના રોઝએ મુબારકના બદલામાં ઉમ્મતે રસુલના અદના માણસોની તુરબત ઉપર તે કામો થઈ રહયા છે, જે રસુલે અરબીએ (સલ) પોતાના રોઝએ મુબારક માટે મના ફરમાવ્યા હતા.

એક કારણ

મુસલમાનોમાં બુરાઇઓ ઘણી વધી પડી છે અને વધતી જાય છે. તેઓના અખલાક બગડી ગયા છે આનાં ઘણા કારણોમાંનું એક કારણ એ પણ છે કે મુસલમાનો આપસમાં એક બીજાને સારા કામ કરવાની ઉલટ આપતા રહેતા નથી, અને એક ભાઈ બીજા ભાઇને નબળા કામોથી બચવાને માટે નસીહત કરતો નથી. પોતાના ભાઇને દુષ્ટ કામથી બચવાને અને સારૂં કામ કરવા માટે કહેવું એ એ દરેક મુસલમાનની ફર્જ છે.* પણ મુસલમાનોએ એના ઉપર અમલ નહી કીધો તેથી આ દશાએ પહોંચ્યા છે. મુસલમાનની ફર્જ છે કે પોતાના પાડોશીને, પોતાના દોસ્તને, પોતાના ઓળખીતાને અને દરેકને હમેસા નસીહત કરતો રહે.

ઇલમ-વિદ્યા

અરે ! રડવાનું જ બધુ ઇલિમના માટે છે. જો મુસલમાનોમાં ઇલમ હોતે તો આ દરજે પહોંચતેજ નહી. જો તેઓ રસુલે મકબુલ (સલ) ના આ ફરમાનને

" કે હીકમતકો એક ગુમ શુદાહ લાલ સમઝો
જહાં પાઓ ઉસે અપના તુમ માલ સમઝો.

* જુઓ મથાળું "મુસલમાનોની તારીફ" આયત ત્રીજી.

ઉપર* અમલ કરતે એ મુજબ વરતતે તો આજે તેઓની હાલત બીજીજ હોતે પરંતુ અહીંયા તો દુન્યાની ખુબસુરત દેખાવની તસવીર જોઇ તેના એવા આશીક થઈ પડયા કે રસુલના ફરમાનોને ભુલી ગયા, અને પેગમ્બર સાહેબના આ ફરમાન ઉપર પણ લક્ષ આપ્યું નહિ કે.:—

" અલા અઇ દુન્યા મલઉનતુન વ મલઉનુમ મા ફીહા ઈલ્લા ઝીકરૂલ્લાહે વમા વ ઇલાહો અવ આલેમુન વ મોત અલ્લેમુન. " (હુશયાર થઈ જાઓ કે દુન્યા અને દુન્યામાં જે કાંઇ છે તે બધુ મલઉન છે. પણ અલ્લાહનો ઝીકર કરવાવાલા અને ઈલમ શિખવાવાળા અને ઈલમ શિખવવાવાળા (એ મલઉન નથી.)."

દુનિયામાં કોઇ કોમ તરક્કી કરી શકતી નથી. જ્યાં સુધી કે તે કોમમાં ઇલમ-વીદ્યા ન હોય. જે કોમમાં ઈલમવાળા માણસોની સંખ્યા જેટલી વધારે હશે તેટલી વધારે ઉન્નતી તે કોમ કરશે. મુસલમાનો બરબાદ થયા, કારણ તેઓએ ઈલમની કદર કરી નહી એટલે આ કહેવું સાચું પડયું કે:-

" જીનહોંને કે તાલીમ કી કદરો કીમત.
નજાની મુસદ્દલત હુઇ ઉનપે ઝીલ્લત.

ખરેજ એજ ઘાટ આજે આપણો થયેલો છે. અફસોસ તો એનો છે કે આપણામાં ઈલમ નથી તો નથી પરંતુ દીની જાણવા જેવી જરૂરી વાતોથી પણ આપણે અંજાણ છીએ. અફસોસ! આ વીષય વીષે જેટલું લખવામાં આવે તેટલું થોડું છે. એ વીષયનું મેદાન ઘણું વિશાળ છે. પણ હું એટલેથી બસ કરૂં છું.

---

* હદીસ શરીફ છે કે "અલ હિકમતો દાલ્લતુલ મુમેને ફ હયસો વજદહા ફહોવા અ હક્કો બેહા."

રસમ અને રીવાજ.

ખરાબ, નાજાએઝ અને વાહયાત રસમ અને રિવાજની બેડી દરેકના પગમાં પડેલી છે. રસમ અને રીવાજનો બજાર ગરમ છે, દરેક મુસલમાન કોઈ ન કોઈ બુરી રસમનો શીકાર થઈ પડેલો છે, ગુજરાતમાં જેટલા રસમ અને રીવાજો મુસલમાનોનું લોહી ચુસી રહેલા છે તે બધાઓ વીષે જો આ જગ્યાએ લખવામાં આવે તો ઘણાં સ્થળની જરૂરત પડે. સર્વથી મ્હોટો અને નુકશાનકારક જે રીવાજ છે તે એક માણસના મર્યા પછી તેના પાછળ ખવડાવવા વીષેનો છે. તે એ છે કે જયારે કોઇ માણસ મરી જાય છે ત્યારે તેના પાછળ રહેનાર તેના વારસદારોને અને સગાઓને માથે જાણે ફર્જ થઇ પડે છે કે તેના મરણને ત્રીજે દીવસે પોતાની શકિત કરતા વધારે ખાણું પૈસાવાળાઓને અને પોતાના સગાઓને ભક્ષણ કરાવે. એ ખવરાવવાનું આ જગ્યાએ પુરૂં થતું નથી. ત્રીજું જાય કે ચાલીસમું આવે કે તે ગરીબને ખવરાવેજ છુટકો, ચાલીસું પસાર થયું એટલે મહીનો માથે આવી ઉભો કે બીચારા ગરીબની થેલી ખાલી કરવામાં આવી; મહીનો તો એક વર્ષ સુધી ચાલયાજ કરવાનો અને છ માસી અને વર્ષી લાંબી મુદ્દત સુધી સાથે રહેવાની એટલે એક મરનારનું મરવું શું થયું ? પાછળ રહેનારને માટે એક મ્હોટી સંસારી અને માલી (પૈસા સબંધીની) આફત થઈ પડી. મરનારના વારસદાર ભલે જોઇએ તેવા ગરીબ હોય; જકાતના પૈસે પોતાના દીવસો ગુજારતા હોય; ભીખ માંગી ખાતા હોય; લોકોની દયા ઉપર જીવતા હોય; પણ જો તેનો વાલી ગુજરી જાય તો

ઉપર લખેલ ખવડાવવાનો પ્રોગ્રામ [લીષ્ટ] મુજબ કીધેજ છુટકો. તે પૈસાનો બંદોબસ્ત ગમે તેવી રીતે કરે તેની જમનારાઓને દરકાર નહી. "ચાહે મરો, કેદ ભરો, કુચ્છભી કરો" અમને તો ખાવાથીજ મતલબ, આ બધું હું માત્ર લખાણુનીજ ખાતર લખતો નથી. મારી આંખો એ બધું જોઈ રહેલી છે.

હે મુસલમાનો ! જરા વીચાર કરો, આ રીવાજે તમને શું ફાયદો પહોંચાડયો છે ? ખરેખર એ રીવાજે હજ્જારોને બરબાદ કીધા છે, સેંકડોની જમીનો વેચી નાંખી છે, સેંકડો ઘર વીનાના થઇ બેઠા છે. આ રીવાજના પ્રતાપે સેંકરોને જેલખાનાની મુલાકાતે મોકલ્યા છે, એમ હું માનું છું.

આવા રીવાજોને જે માણસ જાતીને નુકશાન પહોંચાડે તે મઝહબ કોઇ પણ દીવસે જાયઝ કહે નહી અને વળી આ રીવાજો કુફ્ફારોના રીવાજો છે. ચાલુ જમાનાના કાફેરોમાં આજ પ્રમાણે એક માણસના મરવા ઉપર કરવામાં આવે છે. એટલે એ રીવાજ મુજબ કરવામાં કાફેરોની મુશાબેહત [નકલ] થાય છે અને એ શરીઅતે મોહમ્મદયાહમાં હરામ છે.

કેટલાક જાહેલો જેઓ આ રીવાજ ઉપર કારબંદ છે. એવી દલીલ કરે છે કે અમારા બાપદાદાના વખતથી એ રીવાજ ચાલ્યો આવે છે એટલે અમે પણ માનીએ છીએ અને એના ઉપર અમલ કરીએ છીએ. આના જવાબમાં હું જણાવીશ કે કોઇ પણ સાચો મુસલમાન એમ કહી શકેજ નહી કે અમુક કામ અમારા બાપદાદાઓ કરતા હતા એટલે અમો પણ કરીએ છીએ, કારણ કે આવા જવાબો

હઝરતના વખતના મુશરીકો આપતા હતા અને કહેતા હતા કે બુતોની પુજા અને શીર્ક હમારા વડીલો કરતા આવ્યા છે એટલે અમે એથી દુર રહીયે નહી જેથી આવા જવાબો તો માત્ર મુશરેકો અને કાફેરોજ આપી શકે, કોઈ મુસલમાનથી આપી શકાય નહી. તમારા બાપદાદાઓએ જે ગુનાહ કીધા હોય તે કરવાને શું તમે તૈયાર થશો ? નહીજ. વળી કેટલાક એવી દલીલ કરે છે કે અલ્લાહના નામે ખવરાવીએ છીએ અને તેનો સવાબ મરનારના આત્માને બક્ષીએ છીએ. આનો જવાબ છે કે કોઈ પણ કામ જે ઠેકાણેસર અને રીતસર કરવામાં નહી આવે તો તેનો સવાબ મળતો નથી બલકે ગુનાહ થાય છે. દરેક કામ શરીઅત પ્રમાણે આજે તેની જગ્યાએ અને રીતસર કરવામાં આવે તોજ સવાબ મલે. આવા કામો બઝાતે ખુદ ખરાબ હોતા નથી, પરંતુ આપણા રીવાજો, અને રીતો અને કરવાના ઢંગ તે કામને નાજાએઝ કરી નાંખે છે, દાખલા તરીકે કોઈ માણસ નફીલ નમાઝ ઝવાલના વખતે અગર સુરજ ઉગવાના વખતે પઢે તો તેને નમાઝ પઢવાનો સવાબ નહી મલે પણ ગુનોહ થાય. એવીજ રીતે કોઇ રમજાનના દીવસે, રોઝાના વખતે ખાવાનું ખવડાવે તો તેને સવાબના બદલામાં ગુનોહ થાય ઉપલા દાખલામાં નમાઝ પોતે ઘણી મુબારક અને નેક વસ્તુ હતી પણ આપણા વખતે તેને નાજાએઝ કરી આપી. બેશક ગરીબોને ખવડાવવામાં સવાબ છે, પણ એ વખતસર અને ઠેકાણેસર હોવું જોઇએ. જો તમો નેક નીયતથી માત્ર સવાબને ખાતર ખવડાવવા માંગો છો તો ત્રીજે દીવસના બદલામાં અગયારમેં કે બારમેં દીવસે કેમ ખવડાવતા

નથી ? વળી કાફેરોની મુશાબેહત કરવાની શી જરૂરત ? આથી જણાયું કે ખવડાવવામાં સવાબની દરકાર હોતી નથી પણ માત્ર રીવાજ પાળવાની નીયત હોય છે. હું તો એમાંજ મુસલમાનોની ભલાઇ સમાએલી જોઉં છું કે આ રીવાજ બંધ પડી જાય. મુસલમાનો જેટલા આ રીવાજથી દુર થશે તેટલા વહેલા તેઓ સુખી થઇ તેમને ફાયદો થશે.

એ વીના બીજા ઘણા ખોટા રસમ અને રીવાજો આ વખતમાં ચાલુ છે. દાખલા તરીકે શાદી વખતે મેંધી વીગેરેનો ઉપયોગ કરવો, સ્ત્રીઓનું ભેગા થવું, વાજાં વીગેરેનો ઉપયોગ કરવો, વધુ ઇસરાફ ખરચ કરવો વીગેરે જે બધું ના જાએઝ હોઇ હરામ છે. એ વીષે આ સ્થળે વધુ લખવામાં આવતું નથી.

બીદઅત

આ સર્વથી મોટી બુરાઇ છે. બીદઅતના વેપારમાં દરેક મુસલમાન ગુંથાયેલો છે. આ સ્થળે હું તે બધી બીદઅતો જે કે આ વખતમાં ચાલુ છે, તેનું લીષ્ટ આપી શકતો નથી પરંતુ માત્ર એ બતાવવા પ્રયત્ન કરીશ કે બીદઅત એટલે શું ? બીદઅત એટલે તે કામ જે દીનનું સમજી કરવામાં આવે પણ હકીકતમાં તે મઝહબનું નહી હોય એટલે કે તે કામ જે પેગમબર સાહેબના વખતમાં કરવામાં આવેલું નહોય અને તે કામને શરીઅત સાથે સંબંધ ન હોય, એવું કામ દીનનું સમજી કરવામાં આવે અને સાથે સવાબની પણ આશા હોય, તો એવા દરેક કામ બીદઅત છે. પરંતુ તે કામ જે હઝરતના વખતમાં તો નહતું અને આ વખતમાં છે પણ તેને દીની કામ સમજવામાં નથી આવતું અને સાથે સવાબ મળવાની પણ આશા નથી તો એવું કામ બીદઅત નથી.

ઇસલામ એક આસાન દીન છે. અને તેના એહકામો ઉપર અમલ કરવો કાંઇ મુશકીલ કામ નથી. જેમકે કુરઆને પાકમાં છે " અલ્લાહપાક તમારા માટે આસાની ચાહે છે અને તમારા માટે મુશકેલી ચાહતો નથી". પરંતુ અફસોસ ! ચાલુ વખતની બીદઅતોએ અને નવા નવા રસતાઓએ એ આસાન ધર્મને મુશકિલ-અઘરો બનાવી આપયો છે. સાચું કહયું છે કે:—

શરીઅતકે એહકામ થોંથે ગવારા—કે શેદાથે ઉનપર યહુદ ઓર નસારા
ગવાહ ઉનકી નરમીકા કુરઆં હે સારા—ખુદ 'અદ્દીન યુસરૂન' નબીને પુકારા*
મગર યાં કિયા એયમાં દુશવાર ઉનકો—કે મોમીન સમજને લગે બાર ઉનકો.

માટે મુસલમાનોએ ઇસલામના પવીત્ર દામનને આ બીદઅતોના ડાઘોથી સાફ કરવો જોઇએ. ખુદા તેઓને હિદાયત આપે.

ઝકાતનો ઉપયોગ.

આ વખતમાં ઝકાતના પૈસાનો દુર ઉપયોગ ઘણો થઇ રહેલો છે. જેઓને ખુદાએ ઝકાતના પૈસાના હકદાર ઠેરવેલા છે, તેઓ બીચારા મદદથી મેહરૂમ રહી જાય છે. × મુકામી (તેજ ઠેકાણેના) ગરીબો, મીસકીનો અને યતીમોને ઘણીજ ઓછી મદદ મલે છે અગર તો બીલકુલ નથી મલતી. ઝકાતના પૈસાના ખરા હકદાર યતીમો છે, પણ તેઓ એ પૈસાથી દુર રહી જાય છે. ખુદા પાક ઇસલામના પ્રચાર માટે ઝકાતના પૈસા વાપરવાને હુકમ ફરમાવે છે, પણ આ મદમાં

* 'અદ્દીન યુસરૂન"નો અર્થ આસાન દીન થાય છે.

× ઝકાતના પૈસાના હકદારો માટે જુઓ મથાળું "ઝકાતનો ઉપયોગ" આયત પહેલી.

મુસલમાનો બીલકુલજ ખરચ કરતા નથી. ઝકાતના પૈસાનો આ જમાનામાં ઉત્તમમાં ઉત્તમ ઉપયોગ એ છે કે તે વડે માબાપ વગરના છોકરાઓને પાળી મ્હોટા કરવામાં અને તેઓને ઇલમ આપવામાં આવે; અને ઇસલામના પ્રચારના કામમાં વાપરવામાં આવે અને તે વડે ગરીબોના છોકરાઓને ઈલમ અપાવવામાં આવે. આ છે મારા નજીક ઝકાતના પૈસાનો સઉથી ઉત્તમ ઉપયોગ જો મુસલમાનો મારી સલાહ મુજબ કરવાને તૈયાર હોય તો હું આ ત્રણ કામ સિવાય બીજા કોઇ પણ કામમાં એ પૈસાનો ઉપયોગ કરવા નહીં દઉં, આજ ત્રણ બાબતોની મુસલમાનોને ચાલુ વખતમાં જરૂરત છે. પરંતુ અફસોસ! આ નેક કામોમાં એ પૈસા ઘણા કમતી વપરાય છે, લોકો ઝકાતના પૈસા વધુ ભાગે ખોટે રસતે આપી દે છે. એવી રીતે આપવાથી એ ઝકાત પણ અદા થતી નથી.

આ વખતના કહેવાતા ફકીરો વધુ ભાગે એ પૈસાનો લાભ ઉઠાવે છે. એ ફકીરોનો મ્હોટો ભાગ ઉત્તર હીંદુસ્તાનથી ગુજરાતમાં એ કામ માટે આવે છે, એમાં પનજાબ, યુ. પી. દહેલ્હી વીગેરે તરફના વધારે હોય છે. એ કહેવાતા જુઠા ફકીરો જુવાન, જોરાવર, તંદુરસ્ત અને દરેક કામ કરી શકે એવા હોય છે. એ ફકીરો ભીખ માંગે અને ઝકાતના પૈસા લેછે એવા ફકીરોને ઝકાત આપવાથી ઝકાત અદા થતીજ નથી એમ હું માનું છું. હદીસોમાં ખુલ્લા શબ્દોમાં હઝરતે ફરમાવ્યું છે કેઃ-"જુવાન અને તંદુરસ્ત માણસ માટે સવાલ કરવો અને ભીખ માંગવું હરામ છે." આવી મતલબની ઘણી હદીસો મોજુદ છે. રસુલે અરબી (સલ૦)

હંમેશા ગરીબોને કામ કરવા માટે ઉલટ આપતા રહેતા હતા. તેઓ ગરીબોને હંમેશા કામ કરી પોતાનું ગુજરાન ચલાવવા માટે કહેતા હતા.

ગરીબોંકું મહેનતકી રગબત દીલાઇ—કે બાઝુસે અપની કરો તુમ કમાઇ
અગર તાકે લો ઉંસસે અપની પરાઇ—ન કરની પડે તુમકો દર દર ગદાઇ ×

પેગમબર સાહેબ (સલ૦) ના આવા ખુલ્લા ફરમાનો હોવા છતાં મુસલમાનો એ તરફ ધ્યાન આપતા નથી.

આ વખતના કહેવાતા ફકીરોને ઝકાતના પૈસા આપવાથી સવાબના બદલામાં ગુનોહ થાય છે અને ઝકાત અદા થતી નથી એના ચાર કારણો છે—એની ચાર દલીલો છે.

(૧) તેઓ જુવાન, તંદુરસ્ત અને તાકતવર હોય છે. એટલે તેઓ પોતે મહેનત કરી કમાઇ શકે છે. તેઓને આપવાથી તેઓને ભીખ માંગવાની આદત પડી જાય છે, અને મદદ મળ્યાથી તેઓ કમાવાની તકલીફ ઉઠાવતા નથી. અને છેવટે તેઓની જીંદગી બગડી જાય છે, તેઓમાં અખલાક રહેતા નથી. તેઓને ખુદાનો ખોફ રહેતો નથી તેઓ દર દર ભીખ માંગી ઇસલામને બદનામ કરે છે.

(૨) તેઓને આપવાથી ખરા હકદારો મેહરૂમ રહી જાય છે. એટલે હકદારોનું હક મરાય છે. કોઇનું હક મારવું ઇસલામમાં જાયઝ નથી એટલે આ પણ જાયઝ નજ હોય.

(૩) આ ભીખારીઓને આપવાનાજ કારણે આજે ઇસલામનો પ્રચાર ઘણો કમતી થઇ રહ્યો છે અને યતીમખાનાઓ જોવામાં નથી આવતા અને મુસલમાનોમાં ઇલ્મ રહ્યો નથી.

× આ એક હદીસનો નઝમમાં તરજુમો છે.

(૪) મુસલમાનોમાં દીવસે દીવસે ભીખારીઓ વધતાં જાય છે. એનુ મુળ કારણુ એજ છે કે તેઓની મદદ કરવામાં અને તેઓને ઉત્તેજન આપવામાં આવે છે. જેઓ તંદુરસ્ત માણસોને ભીખ આપે છે તેઓ ખરેખર ભીખારીઓ ઊત-પન્ન કરનાર છે.×

માટે જકાત કાઢનારા મુસલમાનોએ હકદારોના હક મારવા જોઇએ નહી અને દરેક માલને ઠેકાણેસર વાપરવો જોઇએ. અને તેઓએ ભીખારીઓ ઉત્પન્ન કરવાથી પોતાને રોકવા જોઇએ.

ઝકાતના પૈસાના ઉપયોગ વિષે સર હેમીલટન એ ઘણું સરસ લખ્યું છે, ÷ તેઓ લખે છે કે:—" જેઓને ખરી અને વ્યાજબી જરૂરત હોય અને પોતાની જીંદગી ચલાવવા માટે મદદની જરૂરત હોય તેઓનીજ મદદ આ જકાતના પૈસે કરવી જોઇએ. આ સાથેજ અમોને ધંધા-દારી ભીખારીઓ ઉત્પન્ન કરવાની મનાઈ કરવામાં આવેલી છે. એ જકાતના ફરમાનનાજ પ્રતાપ છે કે મુસલીમ દેશોમાં

× આવા લોકો જેઓ ભીખારીઓ ઉત્પન્ન કરે છે. તેઓને મેં Beggar manufacturers નો ખિતાબ આપ્યો છે. શું તેઓ એવા નથી ?

÷ સર હેમીલટન વીલાયતના એક મશહુર બેરોનેટ અમીર છે. તેઓએ હાલમાંજ ઇસલામ સ્વીકાર્યો છે. ઇસલામ કબુલ કરી તેઓએ " Why I became a Muslim " ના મથાળા હેઠળ એક લેખ છપામાં પ્રગટ કીધો હતો. તેમાં તેઓ ઇસ્લામ સ્વીકાર્યાના કારણો જણાવે છે. વીગેરે.

કામ ધંધા વીનાના માણુસોની સંખ્યા વધુ જોવામાં આવતી નથી. = ”

પરદો.

મુસલમાન સ્ત્રીઓ પરદો જાળવતીઓ નથી. જો કે કુરઆને પાકમાં એ વીષે ખુલ્લા એહકામો મોજુદ છે પરદા વીષે વધુ લખવાનો ઇરાદો હતો પણ પ્રસ્તાવનામાં જગ્યા ઘણી રોકાઇ જવાથી માંડી વાળ્યું છે. બે પરદગીની નોબત (સ્થિતિ) અહીંયા સુધી પહોંચી છે કે મુસલીમ સ્ત્રીની લાશને કબરમાં ઉતરતી વખતે એટલે જનાજામાંથી લઈ કબ્રમાં રાખતી વખતે પણ પરદો કરવામાં નથી આવતો અને હાજર રહેલા માણુસો તે મુસ્લીમ સ્ત્રીની પવિત્ર લાશને બે ધડક જુએ છે. હાય ! અફસોસ ! અમારા અખલાક શું આટલા બધા બગડી ગયા છે ?*

ઓલમાને અરજ.

હું આ લખાણ પુરૂ કરૂં તે પહેલા ગુજરાતના ઓલ્મ-માથી એક નમ્ર વીનંતી કરવા ઇચ્છુ છું. આપણા આ મહાન બુઝર્ગો ઇસલામની જે ખરી સેવાઓ છે તે કરવામાં એઓ ઘણા પછાત રહેલા છે. એ ઓલમાઓમાં શક નથી

= હાય ! અહીંયા તો માત્ર ધંધાદારીઓજ ઉત્પન્ન કરવામાં આવે છે. આ છે ઇસલામી હુકમોમાં અને અમારા કામોમાં ફરક ! પરંતુ ગુજરાતમાં એ ઝકાતનાજ પ્રતાપે કામ ધંધા વિનાના માણુ-સોની સંખ્યા ઘણી વધી પડી છે અને દીવસે દીવસે વધતી જાય છે. અફસોસ ! મુસલમાનો હજુ પણ આંખ ઉઘાડશે કે ?

* જરૂરી એ છે કે સ્ત્રીની લાશને દફનાવતી વખતે સાત ફીટ ઉંચો કપડાનો પરદો કબ્રની ચારે બાજુએ કરી લેવામાં આવે અને કબ્રમાં ઉતારનાર માત્ર તે સ્ત્રીના મેહરમ સગા હોય.

ઘણી મહેનત કરી અને તકલીફો ઉઠાવી સનદો મેળવે છે, પણ પછી ઇસલામને માટે કાંઈ કરી દેખાડતા નથી. તેઓ બુઝર્ગો ફેંટો મેળવવા પછી કોઇ મદરસામાં અગ્રેફ બેના સબકો આપતા થઇ જાય છે. અને આથી વધુમાં વધુ સરફ નહોમાં ફઅલ, ફઅલા અને કીલ કીલા પઢાવે છે અને એ મહ્દુદ મેદાનથી બહાર કદમ મુક્તા નથી.

ઇસલામને એ મહાન હસતીયોની ખીદમતની જરૂરત છે. મુસલમાનોને એઓની સેવાઓની દરકાર છે. એ ઘણા અફસોસની વાત છે કે ગુજરાતી ભાષામાં કોઇ કુરઆનની તફસીર કે તરજુમો નથી, ÷ તેમ બુખારી શરીફ, મુસ્લીમ શરીફ વીગેરે કોઇ પણ હદીસની કીતાબનો તરજુમો કરવામાં નથી આવ્યો. શરહ વકાયાહ જેવી જરૂરી ફીકહની કીતાબ પણ ગુજરાતીમાં નથી. ગુજરાતીમાં દીની પુસ્તકોના ભાષાંતરોની ઘણી સખત જરૂરત છે. પણ અફસોસ ! ગુજરાતના ઓલમા આ તરફ બીલકુલ લક્ષ આપતા નથી. એઓએ હવે જાગૃત થઇ જવું જોઈએ, નહી તો જમાનાની ગર્દીશ એઓની હાલતને નુકશાન પહોંચાડશે, શું ઓલમા હવે પોતાના મોજુદાહ મહ્દુદ મેદાનમાંથી કદમ બહાર કાઢશે અને ઇસલામની ખરી ખીદમત કરશે?

÷ ગુજરાતીમાં કુરઆનના તરજુમાની ઘણી મ્હોટી ખોટ જણાતી હતી. પણ શુક્ર છે ખુદાનો કે તે ખોટ મુંબઈવાળા મોલાના મૌલવી મીર મોહંમદ યાકુબ ચીશતી સાહેબે પુરી પાડી છે. તેમનો તરજુમો તૈયાર થઈ ગયો છે અને ઘણો સરસ હશે એવી આશા છે. દરેક મુસલમાને તે પવીત્ર તરજુમાની એક નકલ પોતાના ઘરમાં રાખવીજ જોઇએ.

મને પુરેપુરી આશા છે કે જો મુસલમાનો આ નાની સરખી કીતાબને ધ્યાન પુર્વક અને પ્રસ્તાવનાને ફરી ફરીને વાંચશે અને પ્રસ્તાવનામાં લખેલી બાબતો ઉપર અમલ કરશે તો તેઓની હાલની સ્થિતિમાં ઘણોજ ફેર પડી જશે. એથી વધુમાં તો હીદાયત આપવી બસ અલ્લાહનુંજ કામ છે.

આ કીતાબમાં ભાષા બીલકુલ સાદી અને સહેલી વાપરવામાં આવેલી છે કે જેથી ન ભણેલા લોકો પણ વાંચી સમજી શકે. અને ઘણી જગયાએ એવા ઉર્દુ શબ્દો લખ વામાં આવેલા છે, જે ગુજરાતી બોલચાલમાં વપરાય છે. અને તેવા શબ્દોનો ગુજરાતી તરજુમો, જાણી જોઇને આપેલો નથી. છેવટમાં ખુદા પાકથી દુઆ કરૂં છું કે:-

ઈલાહી બહકકે રસુલે તહામી
હર એક ફરદ ઈન્સાં કા થા જોકે હામી
તુફેલ ઉસકા ઔર ઉસકી ઈતરત કા યારબ
પકડ હાથ જલ્દ ઉસકી ઉમ્મત કા યારબ
એક અબ્ર ઉસપે ભેજ અપની રહમતકા યારબ
ગુબાર ઉસસે જો ધોવે ઝીલ્લત કા યારબ
ઈન્હે કલકી ફીક્ર આજ કરની સીખાદે
ઝરા ઉનકી આંખોસે પરદા ઉઠા દે

વ સલલ્લાહો તઆલા અલા ખયરે ખલકેહી મોહંમ્મદી વ આલેહી અસહાબેહી અજમઈન. આમીન.

અહમદ મનઝિલ.
ખોલવડ, સુરજી.
તા. ૨૧ મે ૧૯૨૪
૧૬ શવ્વાલ ૧૩૪૨ હીજરી

લી. ઇસમાઇલ અહમદ
ગફરલહુ.

બીસમીલ્લાહીર્રહમાનીર્રહીમ.

નહમદહુ વ નોસલ્લી અલા રસુલેહીલ કરીમ.

એહકામે ઇલાહી

ઓર

આયાતે કુરઆની.

પ્રકરણ ૧ લું.

મુસલમાનોની તારીફ.

૧. મોમેન મરદો અને મોમેન ઓરતો એક બીજાના દોસતો છે. તેઓ (લોકોને) સારા કામો કરવાનો હુકમ કરે છે, અને દુષ્ટ કામો (કરવાથી) મના કરે છે, અને (તેઓ) નમાઝ અદા કરે છે, અને જકાત આપે છે, અને ખુદા અને તેના પેયગમબરની ઇતાઅત કરે છે. (ફરમાન ઉઠાવે છે) આ લોકો છે જેના ઉપર ખુદા જલદીથી દયા કરશે. ખરેખર અલ્લાહ શકતિમાન (અને) હીકમત વાળો

છે [સુરા ૯ રકુઅ ૯ વલમુઅ મેનુના વલ મુઅમેનાતે.... થી.......અઝીઝુન હકીમ.]

૨. સાચા મુસલમાનો તો બસ તેઓજ છે કે જ્યારે ખુદાનું નામ લેવાય છે ત્યારે તેઓના અંતઃકરણ ડરે છે; અને જ્યારે આયાતે ઇલાહી તેઓને પઢી સંભળાવવામાં આવે છે ત્યારે તે તેઓના ઈમાનનો વધારો કરે છે; અને તેઓ પોતાના પરવરદેગાર ઉપરજ ભરોસો રાખે છે (અને) તેઓ નમાઝ પઢે છે અને અમે જે તેઓને રોઝી આપી છે તેમાંથી (અલ્લાહના રસ્તે) ખરચ કરે છે. આ લોકો છે ખરેખર સાચા મોમેનો તેમને માટે તેઓના પરવરદિગાર પાસે દરજ્જા છે અને (ગુનાહોની) માફી અને પુષ્કળ રોઝી [૮ ૧ ઈન્નમલ મુમેનુનલલજી...........કરીમ]

૩. તમે સઉથી બહેતર ઉમમત છો (તમને) માણુસો માટે પેદા કરેલ છે. તમો સારા કામ કરવાને કહો છો, અને દુષ્ટ કામોની મનાઇ કરો છો, અને ખુદા ઉપર ઈમાન લાવો છો *

[૩ ૧૧ કુનતુમ ખયરા ઉમ્તીન...........બીલ્લાહ]

---

* આ અયાત શરીફમાં અલ્લાહપાક મુસલમાનોની તારીફ બયાન કરતા ફરમાવે છે કે તેઓ સર્વોતમ ઉમ્મત છે અને તેઓનુ બહેતર હોવાનું કારણુ એ બતાવ્યુ છે કે તેઓ સારાં કામ કરવાને કહે છે અને નઠરા કામોથી મના કરે છે તોઆથી જણાયુ કે જો આ સીફત મુસલમાનોમાં નહોય તો તેઓ સાચા અને બહેતર મુસલમાન કહેવાય નહી. મુસલમાનો પોતાના આ મહાન ફર્ઝને બીલકુલ ભુલેલા છે કટલા મુસલમાનો છે, જેઓ દુરતો નહી પણ પેતના

મુનાફીકોનું વર્ણન.

૧ મુનાફેક પુરૂષો અને મુનાફેક સ્ત્રીઓ એક બીજાને મળતા આવે છે. તેઓ (લોકોને) દુષ્ટ કામ કરવાને કહે છે અને સારા કામની મના કરે છે અને તેઓ (અલ્લાહની રાહમાં ખરચ કરવામાં) પોતાના હાથ બંધ રાખે છે. (હકીકત તો એ છે કે) તેઓ અલ્લાહને ભુલી ગયા છે. તેથી ખુદાએ પણ તેઓને તજી દીધા છે ખરેખર મુનાફેકો દુષ્ટ કામ કરનાર છે*

[૯ ૯ અલ મુનાફેકુન વલ મુનાફેકાતો....હોમુલ ફાસેકુન.]

ઇલમ.

૧. અને મુસલમાનો માટે એ યોગ્ય નથી કે તેઓ

ઘરવાળા અને પોતાના પાડોશી અને મોહલ્લાવાલાઓને નબળા કામોથી રોકે છે અને સારા કામ કરવાને નસીહત કરે છે. મુસલમાનોને હવે જાગૃત થવું જોઇએ અને અલ્લાહના આ મહાન હુકમ ઉપર અમલ કરતાં પોતાના બીજા મુસલીમ ભાઇઓને સારા કામો કરવા અને દુષ્ટ કામોથી બચવા હમેશાં નસીહત કરતાં રહેવું જોઇએ.

(ઇસમાઇલ અહમદ).

* આ જમાનામાં એવા મુસલમાનો ઘણા જોવામાં આવે છે, જેઓ કે લોકોને નઠારા કામ કરવાની સલાહ આપે છે અને સારા કામ કરવાથી રોકે છે. એવા મુસલમાનોએ આ આયત શરીફ ધ્યાનપુર્વક પઢવી એ સબક હાંસલ કરવો એવા કામ કરવાવાલાઓને ખુદાપાક મુનાફેક ફરમાવે છે અલ્લાહ મુસલમાનોને બચાવે! (ઈ. અ.)

સઘળા (પોતાના ઘર મુકી) લડાઇમાં ચાલ્યા જાય ત્યારે શા માટે લોકોના દરેક ફિરકામાંથી થોડાક માણુસો બહાર ન જાય ? અને થોડોક ભાગ પાછળ રહે એટલા માટે કે તેઓ પોતાના દીન વીષે ઇલમ મેળવે અને જ્યારે તેઓની કોમ તેમના પાસે પાછી આવે ત્યારે તેઓને (ખુદાની ના ફરમાનીથી) ડરાવે કે કદાચ તેઓ (દુષ્ટ કામોથી) બચે [૯ ૧૫ વમાકાનલ........યહજરૂન]

૨. અને તમારામાં એક એવી જમાઅત પણ હોવી જોઈએ કે જે (લોકોને) ભલાઈ તરફ બોલાવે અને સારા કામ કરવાનું કહે અને દુષ્ટ કામની મના કરે અને આખેરતમાં આવાજ લોકો પોતાની મુરાદે પહોંચશે.* [૩ ૧૧ વલતકુમ મીનકુમ........હોમુલ મુફલેહુન]

૩. ખુદાથી તેના બંદાઓમાંના જે ઓલમા છે, માત્ર તેઓજ ખુદાથી ડરે છે.× [૩૫ ૪ ઇન્નમા યખસલ્લાહે........ ઓલમા)

ઇત્તેહાદ અને ઇત્તેફાક (એકયતા)

૧. અને તમે સઘળા (મળીને) અલ્લાહના દીનની

---

* આ કામો ઓલમાજ કરી શકે છે એટલે અલ્લાહનો ઇશારો ઇલમવાલા માણુસો એટલે ઇલમ તરફ છે. (ઇ. અ.)

× આ આયતમાં ખુદાપાક ઇલમવાલાઓની તારીફ બયાન કરે છે. આ ઠેકાણે એક મશહુર હદીસ યાદ આવી ગઇ છે. હઝરતે ફરમાવ્યું છે કે:—" મુસલમાન મર્દ અને ઓરત ઉપર ઇલમનું મેળવવું ફર્ઝ છે—ફર્ઝેએન છે." ઇલમની ફઝીલત વિગેરે વિષે બીજી ઘણી આયતો કુરઆને પાકમાં છે જે આ જગ્યાએ આપી નથી.

રસીને મઝબુત પકડી રહો અને એક બીજાથી જુદા પડશો નહી. અને અલ્લાહનો તે એહસાન યાદ કરો જ્યારે કે તમે (એક બીજાના) દુશમન હતા. ફરી અલ્લાહે તમારા દીલોમાં મોહબ્બત ઉતપન્ન કીધી, પછી તમે તેની મહેરબાનીથી ભાઈ (ભાઇ) થઇ ગયા અને તમે આગના ખાડાની (એટલે દોઝખ) કોર ઉપર હતા, ફરી તેણે તમને તેમાંથી બચાવી લીધા. આ પ્રમાણે અલ્લાહ તમને પોતાની નિશાનીઓ બતાવે છે કે કદાચ તમે સીદ્ધો રસ્તો મેળવો.

[૩ ૧૧ વાઅતસેમુ...........તહતદુન]

૨ અને અલ્લાહ અને તેના રસુલનો હુકમ માનો અને તમે પોતપોતામાં તકરાર કરો નહી કે રખે તમે હીંમત હારી જાઓ અને તમારી હવા બગડી જવા જાય; અને (તમે) સબર કરો બેશક અલ્લાહ સબર કરવા વાલાઓ ના સાથે છે. [૨૯ ૬ અતીઉલ્લાહે વ રસુલહુ........સાબેરીન]

૩. અને તમે તેઓના જેવા થાઓ નહી જેઓ (એક બીજાથી) જુદા પડી ગયા અને પોતાની પાસે ખુલ્લી નીશાનીઓ આવ્યા પછી પોતપોતામાં (એક બીજાથી) વીરૂદ્ધ થઇ ગયા આજ લોકો છે. જેઓને (આખેરતમાં) મહોટી શીક્ષા છે. [૩ ૧૧ વલા તકુનુ કલ્લજીના................ અઝાબુન અઝીમ.]

૪. મુસલમાનો તો બસ (આપસમાં) ભાઇ (ભાઈ) છે. માટે પોતાના બે ભાઇઓમાં સંપ કરાવી દયા કરો અને ખુદાથી ડરો કે કદાચ તમારા ઉપર રહમ કરવામાં આવે [૪૯ ૧ ઇન્નમલ મુમેનુન ઇખવતુન........તુરહમુન]

પ્રકરણ ૨ જું.

ગુનાહના કામો.

ગીબત.

૧. મુસલમાનો તમે (લોકોના વીષે) ઘણા શક કરવાથી અલગ રહો (કારણ) કેટલાક શકો ગુનાહમાં દાખલ છે. અને તમે એક બીજાના કામ વીષે તપાસ કરતા રહો નહી અને તેમજ તમારામાં એક બીજાની ગીબત કરવી જોઈએ નહી. શું તમારામાંનો કોઇ એવું ઇચ્છે છે કે તે પોતાના મુએલા ભાઇનું માંસ ખાએ ? આ તો તમે ઇચ્છતા નથી (તો પછી ગીબત શું કામ કરો છો એભી મુરદાર ખાવા બરાબર છે.) અને ખુદાની ડર રાખો; ખરેખર અલ્લાહ તોબાહ કબુલ કરનાર અને દયાળુ છે.* (૪૯. ૨. યા અયયોહલ-લજીન આમનું........તવવા બુર્રહીમ)

ચુગલખોરી (ચાડી ખાવા વીષે.)

૧. (અય પેગમ્બર) તમે એવા માણસનું કહેવું માનશો નહી કે જે જુઠા સોગંદ ખાનાર છે અને હલકો

* ગીબત એટલે શું ? ગીબત એટલે કોઇ માણુસની પીઠ પાછળ એવી વાત કરવી કે જો તે વાત તે સાંભળે તો તેને ખોટું લાગે. અગર તે વાત તે માણુસમાં છે તો એ ગીબત અને જો તે વાત તે માણુસમાં નથી તો એ બોહતાન છે.

આજકાલ મુસલમાનોમાં ગીબતની બીમારી ઘણી વધારે થઇ પડેલી છે, જ્યાં જુઓ ત્યાં ગીબતનો બજાર ગરમ છે, કયારે મુસલમાનો આવા મ્હોટા ગુનાહોથી બચશે ? શું કોઇ વખત એઓને સુધરવાનો આવશે કે નહી ? મુસલમાનો ! બચો, બચો ગુનાહોથી બચો કે ખુદા તમારા ઉપર મહેરબાની કરે. (ઇ. અ.)

છે; અને જે (લોકોની) એબ ચુની કર્યા કરે છે અને (અહીંયાની ત્યાં અને ત્યાંની અહીંયાં) ચાડી ખાવા દોડા કરે છે. સારા કામોથી (લોકોને) રોકે છે. અને હદ બહાર જનાર, પાપી, કરડા સ્વભાવવાળો છે (અને) આ ઉપરાંત હરામઝાદો છે. [૬૮. ૧. વલા તોતેઅ.......ઝાલેકે ઝનીમ.]

મસખરી.

૧. હે મુસલમાનો! એક કોમે બીજી કોમની મસખરી કરવી જોઇએ નહી; કદાચ તેઓ તેઓના કરતાં વધારે સારા હોય; અને તેમજ સ્ત્રીઓએ સ્ત્રીઓની મસખરી કરવી જોઇએ નહી કદાચ (જેના ઉપર હસે) ને તેઓના કરતાં વધારે સારી હોય: અને તમે પોતપોતામાં એક બીજાને મેણું ન મારો; અને એક બીજાને બદ અલકાબથી બોલાવો નહી કોઇને ઇમાન લાવ્યા પછી ખરાબ શબ્દથી બોલાવવો એજ બહુ દુષ્ટ છે, અને જે (આવા કામોથી) બચતા નથી અને તોબા કરતા નથી તેઓ ઝોલમગારો છે. * [૪૯ ૨ યા અયયોહલ–લજીન આમનુ........ હોમુઝ–ઝાલેમુન.]

ગુરૂર. ×

૨. (લુકમાને પોતાના પુત્રને નસીહત કરતા એભી

* લખતાં શરમ આવે છે કે મુસલમાનોમાં આ મરઝ પણ ઘણો ભયંકર થઇ પડેલ છે. હાય! ક્યાં ક્યાં દુ:ખડાં રડવાં! અહીંયા તો શુરૂથી છેવટ સુધી બધોજ બગાડો છે. ખુદા મુસલીમ પર રહમ કરે. (ઇ. અ.)

× આ દુન્યામાં જોવામાં આવે છે કે માણસો ગરૂર અને ફખર કરે છે. પણ એ સમજાતું નથી તેઓ ફખર શાના ઉપર કરે

કહ્યું કે) અને તું ત્હારૂં મ્હોં માણસોથી મરડ નહી અને તું જમીન ઉપર ઈતરાઈ (ફુલાઈ) ને ચાલ નહી. ખરેખર ખુદા તકબ્બુર કરવાવાલા અને આપ વડાઈ કરવાવાલાને ચાહતો નથી. (૩૧ ૨ વલા તોસઅ એર ખદદ ક........ મુખતાલીન ફખુર)

દીખાવ અને શોહરત. *

૧. મુસલમાનો તમે તમારી ખેરાત એહસાન જતાવી અને (સાયલને) ઈજા પહોંચાડી તે માણસની પેઠે નાબુદ કરો નહી; જે માણસ પોતાનો માલ માણસોને દેખાડવા માટે ખેરાત કરે છે, અને ખુદા અને છેલ્લા દીવસ ઉપર ઈમાન લાવતો નથી. ત્યારે આવા માણસની (ખેરાતની મીસાલ) સરખામણી કઠણ લીસા પથ્થર જેવી છે કે જેની

છે? કોઇને પોતાના હુસન ઉપર હોય છે. અરે એતો ઝાયલ થવાવાલું છે! ફખર શાનો! કોઇ માલ અને દવલત ઉપર કરે છે. એતો અલ્લાહે આપ્યું છે અને તે પાછો લઈ પણ લેશે એટલે એના ઉપર પણ ફખર થઈ શકે નહી. વળી કોઇ પોતાની પરહેઝગારી અને તક્વા ઉપર નાઝાં છે. એમ કરી તે પોતાની મહેનત બરબાદ કરે છે. તેઓની ઇબાદત ખુદા સુધી પહોંચે છે કે નહી એટલી તો ખબર નથી અને છતાં ફખર! અફસોસ છે.

એ બધો ફખર શું કામ?

કયા ભરોસા હે જીંદગાનીકા
આદમી બુલબુલા હે પાનીકા

કાલે ઉઠી આ દુન્યાથી ચાલતા થશો યાદ રાખશો કે.

તકબ્બુર અઝાઝીલ રા ખ્વાર કરદ
બ ઝીનદાને લાઅનત ગીરફતાર કરદ (ઇ. ઞ)

* દુન્યાને દેખાડવા માટે કાંઈ કામ કરવું અને શોહરત ચાહવી.

ઉપર ધુળ હોય, પછી તેની ઉપર વરસાદના મ્હોટા ફોરાં પડે પછી તેને સાફ પથ્થર કરી મુકે. આવા માણુસો જે પોતે કમાયા છે તેના ઉપર સત્તા ધરાવતા નથી. અને અલ્લાહ કાફિર લોકોને રસ્તો બતાવતો નથી. [૨ ૩૬] યા અયયોહલ લજીના આમનું લા તુબતેલુ....કોમલ કાફ્રીન.]

૨. મુનાફિકો ખુદાને છેતરવા માંગે છે. પણ (હકીકતમાં) ખુદા તેઓને છેતરે છે. અને જ્યારે તેઓ નમાઝ પઢવા ઉભા થાય છે, ત્યારે તેઓ સુસ્ત ઉભા રહે છે. તેઓ માત્ર માણુસોને દેખાડે છે અને તેઓ (દીલથી) અલ્લાહને યાદ નથી કરતા [૪ ૨૧ ઈન્નલ મુનાફિકીને........ ઈલ્લા કલીલા]

હસદ.

૧. (મુસલમાનો) અહેલે કીતાબોમાંના ઘણા, તેઓને સત્ય જાહેર થયા પછી, એવું ઇચ્છે છે કે તેઓ તમને તમારા ઈમાન લાવ્યા પછી પાછા કાફેર બનાવી દે; (એમ કરવામાં) તેઓની પોતાની અદેખાઈજ (હસદ) છે. પણ તમે મઆફ કરો અને દરગુઝર કરો જ્યાંસુધી કે ખુદા પોતાનો (બીજો કોઇ) હોકમ લાવે; ખરેખર ખુદા સર્વ ચીજ પર શકિતવાન છે. [૨ ૧૩ વદદે કસીરૂમ મીન અહલીલ કીતાબે.......કદીર.]

બખીલાઇ.

૧. (મુસલમાનો) આ દુન્યાની જીંદગી તો માત્ર રમત અને ગમત છે. અને જો તમે (અલ્લાહ ઉપર) ઈમાન લાવો, અને ખુદાનો ડર રાખો તો તે તમને તમારો બદલો આપશે. અને તે તમારા પાસે તમારો માલ માંગતો

નથી. અને જો તે તમારો માલ માંગે પછી તે તમારા ઉપર આગ્રહ કરે તો તમે કંજુસાઈ કરશો, અને (એથી) તમારી અદાવતો તે જાહેરમાં લાવશે. (તમો એ જાણી લો) કે તમે તે લોકો છો કે તમને અલ્લાહના રસ્તામાં ખરચ કરવા માટે બોલાવવામાં આવે છે છતાં તમારામાં ઘણા એવા છે કે કંજુસાઈ કરે છે અને જે કંજુસાઇ કરે છે તે તો માત્ર પોતાથીજ કંજુસાઇ કરે છે. (કારણ કે) ખુદા તવંગર છે અને તમે (તેના) મોહતાજ છો: અને જો તમે (ખુદાના હુકમથી) મ્હોં ફેરવશો તો તે તમારા બદલામાં, તમારા શીવાય બીજી કોમ લાવશે; અને તેઓ તમારા જેવા (બખીલ) નહી હોય. [૪૭ ૪ ઇન્નમલ હયાતુદદુન્યા........અમસાલકુમ]

૨. જેઓને ખુદાએ પોતાના ફઝલથી જે આપ્યું છે, તેને (અલ્લાહની રાહમાં ખરચ કરવામાં) જેઓ બખીલાઈ કરે છે. તેઓએ એમ ખ્યાલ ન કરવો જોઇએ કે તે (કંજુસાઈ) તેઓને માટે વધારે સારી છે; બલકે તે તેઓના હકમાં વધારે ખરાબ છે. (કારણ કે) જે ચીજને માટે તેઓ કંજુસાઈ કરે છે, તે ચીજ કયામતને દીવસે તેઓના ગળામાં સાંકળ બનાવીને નાંખવામાં આવશે. અને (ખરેખર) આસમાન અને જમીનનો વરસ ખુદાજ છે. અને જે તમે કરો છો તેની અલ્લાહને (બધી) ખબર છે [૩ ૧૮ વલા યહસબન્ન નલ્લજીન........તાઅમલુન ખબીર.]

૩. અને તમે ખુદાનીજ બંદગી કરો અને તેના સાથે કોઈ ચીજને શરીક કરો નહી, અને તમારા માબાપ સાથે ભલાઈથી વર્તો અને તેમજ (તમારા) સગા વહાલા અને યતીમો અને મીસકીનો અને સગપણવાળા પાડોશીઓ

અને અજાણ્યા પાડોશીઓ અને સહવાસી મીત્રો અને મુસાફરો અને જે (લોંડી ગુલામ) તમારા કબજામાં હોય એ બધા સાથે ભલાઇથી વર્તો. ખરેખર ખુદા જે ઈતરાનાર અને બડાઈ મારનાર છે તેને ચાહતો નથી. કે જેઓ (પોતે તો) બખીલાઇ કરે ને (અને સાથે) માણુસોને પણ બખીલાઈ કરવાનું કહે છે. અને ખુદાએ જે પોતાના ફઝલથી તેઓને આપ્યું છે તે તે સંતાડે છે. અને અમે કાફેરો માટે હલકાઈ પમાડનાર અઝાબ તૈયાર કરેલો છે. [૪ ૬ વાઅબોદુલ્લાહ........અઝાબન મોહીના.]

૪. અને જેઓ બખીલાઇ કરે છે, અને લોકોને બખીલાઇ કરવા હોકમ કરે છે, અને જે કોઈ (દાન કરવાથી) મ્હોં ફેરવે છે. (તો ખરેખર અલ્લાહ તેને અને આવા માણુસોને ચાહતો નથી.) ખરેખર અલ્લાહ એ નયાઝ અને સતુત્ય છે. [૫૭ ૩ અલ્લજીના યબખલુન............ ગનીયયુલ હમીદ]

૫. અને જેઓ સોનુ અને ચાંદી દાટી મુકે છે અને અલ્લાહના રસ્તે (તેને) ખરચ કરતા નથી તેઓને દુઃખદાયક અઝાબની ખુશખબરી સંભળાવી આપો. એ સીક્ષા તે દીવસે છે કે જે દીવસે તે સોનુ અને ચાંદી દોઝખની આગમાં તપાવવામાં આવશે, અને ફરી તે વડે તેઓના કપાળ, અને તેઓના પડખા, અને તેઓની પીઠને ડહામ દેવામાં આવશે, અને (કહેવામાં આવશે) કે તમારે માટે તમે જે એકઠું કર્યું હતું તે આ છે; માટે જે તમે એકઠું કરતા હતા તેનો સવાદ ચાખો (લ્યો.) [૯ ૫ વલ્લજીન યકનેઝુને ઝ-ઝહબ........મા કુનતુમ તકનેઝુન.)

ઇસરાફ-ફુઝુલ ખરચી.

૧. અને ફુઝુલ ખરચી કરો (ઉડાવો) નહી; ખરેખર ખુદા ફુઝુલ ખરચી કરવાવાલા માણુસોને (ઉડાવ માણુસોને) ચાહતો નથી. [૬ ૧૭ વલા તુસરેફ........મુસરેફીન.]

૨. હે આદમના છોકરાઓ! દરેક નમાઝના વખતે તમો પોતાને શણગારી લ્યો. (શોભીતા કપડા પહેરો;) અને ખાઓ અને પીઓ પણ ફુઝુલ ખરચી કરો નહી (ઉડાઓ નહી;) ખરેખર ખુદા ફુઝુલ ખરચી કરનાર (ઉડાઉ) ને ચાહતો નથી. [૬ ૭ યા બની આદમ...........લા યોહીબ્બુલ મુસરેફીન.]

૩. અને સગાંવહાલાને અને મીસકીનોને અને મુસાફરોને તેઓના હક આપ અને તારો માલ ઉડાઉપણે ખરચી નાંખ નહી ખરેખર ગેરવ્યાજબી ખરચ કરવાવાલા શેતાનના ભાઇઓ છે; અને શેતાન પોતાના પરવરદેગારનો (મ્હોટો) અનુપકારી છે.* [૧૭. ૩. વ આતે ઝલ કુરબા હક કહુ........કફુરા.]

---

* મુસલમાનોમાં આ બીમારી પણ ઘણી સખત રીતે છે. ફુઝુલ ખરચીથી શાયદજ કોઇ નફસ બચેલો હશે. ઇસરાફ ખરચ તો મુસલમાનોની આદતજ થઇ પડી છે. અલ્લાહની નેઅમત (માલ અને દવલત) ને કેવી રીતે ઉડાવવી એ મુસલમાનો સારી પેઠે જાણે છે. પણ તે નેઅમતને કેવી રીતે સાચવવી અને તેનો શુકર બજાવવો એ તો મારા ભાઇઓ જાણતાજ નથી. ટુંકમાં એ બીમારી મુસલમાનોનું લોહી ચુસી રહી છે....વ ઇસમંમ મોમીના.]

બોહતાન.

૧. અને જે કોઈ ગુનાહ અથવા પાપ કમાય છે અને પછી (કોઈ) નીર્દોષ ઉપર તેનું તહોમત નાંખે, તો તેણે ખરેખર ખોટી તહોમતનો અને ચોખ્ખા પાપનો બોજો ઉપાડયો છે. [૪. ૧૬. વ મંય યકસેબ........વ ઇસમમ મોબીન.]

૨. જેઓ પાકદામન સ્ત્રીઓ પર તહોમત મુકે છે, જે (બીચારીયો એવા ખરાબ કામોથી) અંજાણ છે, અને ઈમાન રાખે છે, એવા લોકો ઉપર આ દુન્યામાં અને આખરતી જીંદગીમાં લાઅનત થયેલી છે અને (કયામતને દીવસે) તેઓને માટે ભારે સજા છે. તે દીવસે કે જે દીવસે તેઓની જીભ, તેઓના હાથ અને તેઓના પગ જે તેઓએ કર્યું છે તે વીષે તેઓની વીરૂદ્ધ સાક્ષી આપશે. તે દીવસે ખુદા તેમને પુરેપુરો વાજબી બદલો (સજા) આપશે; અને તેઓ જાણશે કે ખરેખર ખુદા સાચો છે અને સાચું જાહેર કરનાર છે. [૨૪. ૨. ઇન્નલ્લજીના યરમુનલ મુહસનાતે........ હોવલ હકકુલ મોબીન.]

૩. અને જેઓ મોમેન પુરૂષો અને મોમેન સ્ત્રીઓને તેઓના કુસુર વગર (નાહક) ઈઝા આપે છે, તેઓએ ખરેખર એક મ્હોટા બોહતાનનો અને ખુલ્લા ગુનાહનો બોજો ઉપાડયો છે. [૩૩. ૭. વલ્લજીન યુઝુનલ મુમેનીન........વ ઇસમમ મોબીના.]

પ્રકરણ ૩ જું

પરદો. ×

૧. (અય પેગમબર) મુસલમાન સ્ત્રીઓને કહો કે તેઓ પોતાની આંખો (હરામ જોવામાંથી) બંધ રાખે અને પોતાની શરમગાહોની હીફ્રાઝત કરે (સાચવી રાખે) અને પોતાનો શણગાર જાહેર ન થવા દે પણ તેમાંથી જે (લાચારીએ) ખુલ્લો રહે છે તો તેનું કાંઇ નહી અને તેઓએ પોતાની ઓઢણી ઓઢી પોતાના પડખાં (અને છાતી) ઢાંકવા જોઇએ, અને પોતાનો શણગાર કોઇને તેઓએ બતાવવો જોઈએ નહી. મગર પોતાના પતીઓને અથવા પોતાના પીતાઓને અથવા પોતાના પતીઓના પીતાઓને અથવા પોતાના દીકરાઓને અથવા પોતાના પતીઓના દીકરાઓને અથવા પોતાના ભાઇઓને અથવા પોતાના

× આ મસલા વીષે તો ઘણું લખવાને તબીયત ચાહી રહી છે પણ શું કરૂં અહીયાં તો:-

"બીગડા હુવા હે આવે કા આવા"

કઇ બાબત વીષે કહેવું અને કઈ બાબત છોડી આપવી, એ બધું લખવાને સ્થળ આ નાની કીતાબમાં નથી. ઓરતોમાં પરદો ન હોવાથી જે જરૂરી પરીણામ આવે છે તે જાણવું હોય તો વીલાયત અને પેરીસની સ્ત્રીઓની સ્થીતી તરફ જુઓ. મુસલમાનોને એવા દુષ્ટ કામોથી બચાવવાને ખાતર ખુદાએ પહેલેથીજ કુરઆનમાં પરદાના મસલાઓ બયાન કરી દીધા હતા. પણ અફ્સોસ! આજે મુસલમાનો તે ભુલી બેઠા છે. અને તેથી મુસલમાન સ્ત્રીઓની સ્થીતી દીવસે દીવસે કફોડી થતી જાય છે. સ્ત્રીઓ બે શરમ, બેહયા અને મેલા દીલોની બની રહી છે. બસ! આથી વધું શું લખવું? (ઇ. અ.)

ભાઇઓના દીકરાઓને અથવા પોતાની બહેનના દીકરાઓને અથવા પોતાની (મેલ મિલાપની) સ્ત્રીઓને અથવા પોતાના હાથના માલ (લોંડી, ગુલામો) ને અથવા એવા પુરૂષો જેઓ સાથે રહે છે અને તેઓ સ્ત્રીઓની હાજત રાખતા નથી. અથવા એવા છોકરાઓને જેઓને હજી સ્ત્રીસંગ સબંધી કાંઇ જ્ઞાન નથી. (આ બધા લોકો ઉપર શણગાર ખુલ્લો થવા દેવામાં કાંઈ ગુનોહ નથી.) અને [ચાલવામાં] પોતાના પગ એવા જોરથી પછાડે નહી કે જેથી [લોકોને] તેના અંદરના છુપા ઝેવરોની ખબર થાય. અને મુસલમાનો તમે બધા અલ્લાહની દરગાહમાં તોબાહ કરો કે કદાચ તમે રસ્તગાર (મુક્ત) થાઓ. [૨૪. ૪. વ કુલ લીલ મુઅમેનાતે યગદુદના મીન• એબસારે હીન્ન........લઅલ્લકુમ તુફ્લેહુન]

૨. અય પેગમબર ત્હારી બીબીયોને (સ્ત્રીઓને) અને ત્હારી દીકરીઓને અને મુસલમાનોની ઓરતોને કહી આપો કે તેઓ [બહાર જતી વખતે] પોતાની ચાદર પોતાના [મ્હોં] ઉપર નાંખી લે. આથી તેઓ ઓળખાઈ જશે [કે તેઓ પવીત્ર છે] અને તેઓને કોઇ છેડશે નહી. અને (ખરેખર) ખુદા માફી આપનાર અને મહેરબાન છે. [૩૩. ૮. યા અયયો હનનબીયયો કુલ લે અઝવા જેકા....ગફુરૂર્રહીમા.]

૩. અય મુસલમાનો ! જેઓનો હમારો હાથ માલેક છે (એટલે ગુલામો) તેઓએ અને તમારામાંના જેઓ હજુ પુખ્ત ઉમરે પહોંચેલા નથી તેઓએ આ ત્રણ વખત (તમારા પાસે આવવા માટે) રજા લેવી જોઈએ. (એક તો) ફજરની નમાઝ પહેલાં અને (બીજી) બપોરે જ્યારે કે તમે [સુવા માટે કપડા ઉતારો છો. અને (ત્રીજો) ઈશાની નમાઝ

પછી આ ત્રણ વખતો તમારા પરદાના (વખતો) છે. આ ત્રણ વખત શીવાય [વગર રજાએ આવવા દેવામાં અને વગર રજાએ જવામાં] કોઈ ગુનોહ નથી, [કારણ] તેઓ (હંમેશા) તમારા પાસે આવજાવ કરનાર છે. [અને] તમારામાંના કેટલાએક પાસે આવે છે. આવી રીતે ખુદા પોતાના હુકમો તમોને સંભળાવે છે, અને અલ્લાહ જાણનાર અને હીકમતવાલો છે. [૨૪. ૮. યા અયયોહલ્લજીને આમનુ લે યસ તાઝેન કોમુલ્લજીના..............અલીમુન હકીમ.]

૪. અને જ્યારે પયગમ્બર [સાહેબ] ની બીબીયો પાસે કોઈ ચીજ માંગવી હોય તો પરદાની પછવાડે [ઉભા રહી] તેમના પાસે માંગો આથી તમારૂં દીલ અને તેઓનું દીલ [પણ] વધારે પાક [અને સાફ] રહેશે. [૩૩. ૭. વ ઇઝા સઅલતોમુ હુન્ન મતાઅન..............બે કોલુ બે કુમ વ કોલુ બેહીનને]

પ્રકરણ ૪ થું.

ઇસ્લામની ખુબીયો.

તોહીદ.

૧. કહે—તે અલ્લાહ એકજ છે. તે અલ્લાહ બેનીયાઝ છે [સમદનો બીજો અર્થ એ પણ થાય છે કે તે ખાતો પીતો નથી] તેણે [કોઇને] જનમ આપ્યો નથી અને તેની બરાબરી [તેની સમાન] કરવાવાલો બીજો કોઇ નથી, [૧૧૨]

શીર્કની મનાઇ.

૧. અને તમે ખુદાની બંદગી કરો અને તેના સાથે

કોઇ ચીઝને શરીક [ભાગીદાર] કરો નહી. [૪. ૬. વાઅબો-દુલ્લાહે...........શયઅન]

૨. અને [યાદ કર] જ્યારે લુકમાને પોતાના દીકરાને શીખામણ આપતા કહ્યું કે હે મ્હારા દીકરા ખુદાના સાથે કોઈને શરીક કર નહી, ખરેખર શીર્ક [એક] મહા ઝુલમ છે. [૩૧. ૨. વ ઇઝ કાલા લુકમાનો.............લઝુલમુન અઝીમ]

માબાપ વિષે હુકમો.

૧. અને અમે માણસને પોતાના માબાપનું [ભલું કરવાને અને તેમનો હંમેશા અદબ કરવાને] હોકમ કર્યો છે. [કે] તેની માંઓ તેને ઝટકા ઉપર ઝટકા ઉઠાવી તેને પેટમાં રાખ્યો અને બે વર્ષ પછી તેનું ધાવણ છોડવર્યું; [એટલા માટે અમે ઇન્સાનને હુકમ આપ્યો કે] અમારો ઉપકાર માન અને તહારા મા બાપનો પણ અને [છેવટે] મ્હારા તરફજ (તમારે) પાછા ફરવાનું છે. [૩૧. ૨. વસ્સયનલ ઈન્સાને......ઈલયયલ મસીર]

૨ અને તમારા પરવરદેગારે હોકમ કર્યો છે કે તમે તેના શીવાય બીજા કોઇની બંદગી કરો નહી અને મા બાપ સાથે ભલાઈ [અને નરમી] થી વર્તો; અને જો તે બન્નેમાંથી એક અથવા તેઓ બન્ને તારા સામે વૃધ્ધવસ્થાએ પહોંચે તો તેઓ બન્નેને ઉફ પણ કહે નહી અને તેઓને ઝીર-કતો નહી; અને તેઓ સાથે સારા [અને નરમ] શબ્દોથી બોલજે. અને મોહબ્બતથી તેઓ બન્ને આગળ નમ્રતાની પાંખ ઝુકાવી રાખજે; અને (તેઓ માટે દુઆ કરતો રહેજે] કે અય પરવરદેગાર જેવી રીતે કે તેઓએ મને નહાનપણથી

ઉછેર્યો છે (અને મારા ઉપર .રહમ કરતા હતા) તેવીજ રીતે તું તેઓ બન્ને ઉપર રહમ કર. [૧૭.૩. વ કદા રબઓકે..........રબબયાની સગીરા.]

૩. અને અલ્લાહની ઇબાદત કરો અને તેના સાથે કોઈ ચીઝને શરીક કરો નહી; અને મા બાપ સાથે ભલાઇ કરતા રહો. [૪.૬ વાઅબોદુલ્લાહે..........વ બીલ વાલે દયને એહસાના]

૪. અને મા બાપો સાથે ભલાઈ કરતા રહો અને ગરીબાઇની બહીકથી પોતાના બચ્ચાઓને મારી નાંખો નહી. (૬. ૧૯. વ બીલ વાલેદયને એહસાના.........મીન ઈમલાક)

ઘરનો અદબ.

૧. અય મુસલમાનો ! પોતાના ઘર શીવાય બીજા ઘરમાં તે ઘરના માણસોને સલામ કરી અને તેઓ પાસે રજા માંગ્યા વગર, [તે ઘરમા] દાખલ થાઓ નહીં. આ તમારા માટે વધારે સારૂં છે કે કદાચ (તેથી) તમને શીખામણ મળે. અને જો તમને માલમ પડે કે તે ઘરમાં કોઇ આદમી નથી તો તેમાં દાખલ થાઓ નહી જ્યાં સુધી કે તમને (ખાસ) રજા આપવામાં ન આવે; અને જો (ઘરમાં કોઈ હોય) અને તમને કહેવામાં આવે કે [હમણા વખત નથી માટે) પાછા જાઓ તો (તમે) પાછા ચાલ્યા જાઓ એ તમારા માટે વધારે લાયક છે; અને તમે જે [કાંઇપણ] કરો છો તે ખુદા જાણે છે. (૨૪.૪. યા અયયોહલ્લજીને આમનુ લા તદખોલુ........તાઅમલુને અલીમ.)

૨. એવા ઘરમાં કે જેમાં કોઈ વસતુ નથી, અને જેમાં તમારો માલ હોય, એવા ઘરમાં (વગર રજાએ) ચાલ્યા જવામાં તમારા ઉપર કાંઇ ગુનોહ નથી. અરે તમે જે કાંઇ ખુલ્લી રીતે કરો છો અને જે કાંઇ છુપાવીને કરો છો તે (બધું) અલ્લાહ જાણે છે. [૨૪.૪. લયસે અલયકુમ જોના-હુન..............વમાતકતોમુન)

સલામનો હુકમ ×

૧. મુસલમાનો જયારે તમને કોઈ પણ રીતે સલામ કરવામાં આવે તો તમે (તેના જવાબમાં) તેનાથી વધારે સારી રીતે સલામ કરો [અગર] તેનાજ જેવો જવાબ આપો; ખરેખર ખુદા દરેક ચીજનો હીસાબ લેનાર છે. (૪. ૧૩. વ ઇઝા હુયયેયતુમ કુલ્લે શયઇન હસીબા)

૨. (મુસલમાનો) જ્યારે તમે ઘરોમાં દાખલ થાઓ તો (ઘરમાંના માણસોને) સલામ કરો (સલામ એક) ખુદા તરફથી મુકરર કરેલી સલામ છે, અને તે મુબારક અને પાક છે; આ પ્રમાણે અલ્લાહ પોતાના હુકમો તમોને સંભળાવે છે કે કદાચ તમે સમજો (૨૪,૮. ફઈઝા દખલતુમ બોયુતન...........લઅલ્લકુમ તાઅકેલુન)

× આવી રીતના સલામ વીષેની તાલીમ નસારાઓના બાઇબલમાં પણ આપવામાં આવેલી છે. ન્યુ ટેસટેમેન્ટમાં લખ્યું છે કે " (હઝરત ઇસાએ પોતાના હવારીયોને નસીહત કરતાં કહ્યું) કે જ્યારે તમે કોઈ ઘરમાં દાખલ થાઓ તો તે ઘરને (એટલે ઘરવાળાઓને) સલામ કરો. અને જો તે ઘર લાયક હોય તો તેના ઉપર તમારી મહેરબાનીને આવવા દો અને જો તે લાયક ન હોય તો તમારી મહેરબાનીને તમારા તરફ પાછી આવવા દો.

[St. Mathew ૧૦ ૧૨.]

પ્રકરણ ૫ મું.

યતીમો અને મીસકીનો*

૧. અને [તેઓ] ખુદાની મોહબ્બતમાં ગરીબ અને મા બાપ વગરના (યતીમ) છે.કરાને અને કેદીને ખોરાક ખવડાવે છે. અને (તેઓને કહી પણ આપે છે કે) અમે તમને માત્ર ખુદાની ખુશી માટે ખવડાવીએ છીએ, અમને તમારા પાસેથી કોઈ બદલાની ઇચ્છા નથી અને આભારની પણ નહી. (૬૬.૧. વ યુતએમુનેતતઆમે...........વલા શોકુરા).

૨. માણસને જ્યારે તેનો પરવરદેગાર આઝમાવે છે અને તેને ઈનામ અને નેઅમત આપે છે તો તે (ખુશ થઈ) કહે છે કે મ્હારા પરવરદેગારે મને માનવંત બનાવ્યો છે. અને જ્યારે તેને [એવી રીતે] આઝમવે છે કે તેને માટે તેની રોજી ટુંકી કરે છે, ત્યારે તે કહે છે કે મ્હારા પરવર-

---

* યતીમો અને મીસકીનો સાથે ભલાઇ કરવા, તેઓ ઉપર મહેરબાની કરવા અને તેઓને ખવરાવવા, પીવરાવવા અને તેઓનું પોષણ કરવા અલ્લાહ પાક વરંવાર કુરઆને પાકમાં ફરમાવે છે. (તે બધી આયતો હું આપતો નથી, ફકત થોડીક આપીશ) એનું કારણ ઘણું જરૂરી અને મ્હોટુ છે. એ જાણવુ જોઇએ કે યતીમોની સારવાર કીધાથી ઇસલામ દુન્યામાં મ્હોટા ભાગે ફેલાયલો છે. જે દેશોમાં યતીમોને પાળી મ્હોટા કરવામાં આવે છે, તે દેશોમાં મુસલમાનોની સંખ્યામાં વધારો થતો નથી એનું મુળ કારણ એ છે કે અહીંયાના મુસલમાનો યતીમો અને મીસકીનોની ખબર લેતા નથી. જેટલા જોઇએ તેટલા યતીમખાનાઓ નથી, યતીમો માટે મદરેસાઓ નથી અને તેઓ માટે કાંઈ બંદોબસ્ત નથી.

હીંદુસતાનમાં આર્ય સમાજ અને નસારાઓની સંખ્યામાં વધારો થતો જાય છે એનું મુળ કારણ તેઓના યતીમખાનાઓ,

દેગારે મને (ધીક્કારી) ઝલીલ કીધો છે. નહીં, નહીં (એમ નથી.) તમો [પોતેજ એવા બખીલ છો કે] યતીમને માન આપતા નથી. (અને તેની ખીદમત કરતા નથી) અને તમે ગરીબને ખવડાવવા માટે એક બીજાને ઉલટ અપાવતા નથી; અને તમે [મુરદાઓના] વારસાનો માલ [પણ] અતીશય લોભથી ખાઇ જાઓ છો અને તમે માલ [દોલતને] ઘણુાજ પ્યારથી રાખો છો. [૮૯. ૧. ફઅમ્મલ ઈન્સાનો........... હુબબન જમ્મા]

૩. શું તેં તે માણુસને જોયો છે જે કે કયામતના દીવસને જુઠલાવે છે. એ તેજ માણુસ છે જે કે યતીમોને ધક્કા આપે છે; અને મીસકીનોને ખવડાવવા બીજાઓને ઉલટ આપતો નથી. [૧૦૭.૧. અરેઅયતલ્લજી........તઆમીલ મીસકીન.]

૪. અને જેઓ ખુદાની મેહુબ્બતમાં પોતાના સગાં-વહાલા અને યતીમો અને ગરીબ માણુસો અને મુસાફરો

સ્કુલો અને કોલેજો છે. તેઓ ગરીબોના છોકરાંઓને, યતીમોને અને હલકી જાતના લોકોના બચ્ચાઓને સ્કુલોમાં અને યતીમખનાઓમાં રાખી મ્હોટા કરે છે, એટલે મ્હોટા થઇ ખ્રીસ્તી ધર્મજ પાળે એ દેખીતું છે. આર્ય સમાજવાલાઓ પણ આવીજ રીતે પોતાના ખોટા રસતા ઉપર હજારો યતીમોને મુકે છે. અફસોસ એ છે કે એ સમાજીયોની જાલમાં બીચારા મુસલમાન યતીમો પણ ઘણી વખતે ફસાઇ જાય છે.

મુસલમાનોને યતીમખાનાઓની ઘણી સખત જરૂરત છે. હાય ! મુસલમાનો આટલું બધું આંખો સામે થઇ રહ્યું છે, છતાં પોતાની આંખો ઉઘાડતા નથી. તેઓએ દુર જવાતું નથી; ફકત પોતાના કલામુલ્લાહ ઉપર નજર નાંખી તેની તાલીમ ઉપર અમલ કરવાનો છે ખુદા તેઓને હીદાયત આપે. [ઇ. અ.]

અને ભીખારીઓને અને [લોકોની] ગરદનો છોડવવામાં માલ [અને પૈસા] આપે છે............તેઓ [ઇસલામના દાવામાં] સાચા નીકલ્યા છે. અને તેઓજ પરહેઝગાર છે. [૨. ૨૨. વ આતલમાલે અલા હુબ્બેહી ઝવીલ કુરબા..............વ ઉલાએકે હોમુલ મુત્તકુન]

૫. છતાં તે ઘાટીમાં થઇ નહી નીકલો. અને તું શું જાણે છે કે ઘાટી તે શું ? [ઘાટી] તે ગરદનને છોડાવવું [એટલે ગુલામીથી અગર કરજથી છોડવવું] છે, અથવા દુષકાળના દીવસે તેને ખવરાવવાનું છે; જે કે યતીમ હોય અને સગાંવહાલામાંથી હોય; અથવા ધુળથી રંગાયેલા મીસકીનને (ખવડાવવું) [૯૦. ૧. ફલક તહમલ અકબત.......મીસકીન ઝા મતરબહ]

૬. માટે યતીમ ઉપર જુલમ કર નહી. અને માંગવા વાલાને હાંકી કાઢ [ઝીરક] નહી. [૯૩. ૧ ફઅમ્મલ યતીમે ફલા તકહર......ફલા તનહર.]

૭. અને યતીમોને તેઓનો માલ આપી દો; અને નાપાક માલ સાથે પાક માલને અદલ બદલ કરો નહી અને તેઓનો માલ પોતાના માલ સાથે ભેળવી ખાઓ નહી: ખરેખર એ એક મહા ગુનોહ છે. [૪. ૧. વ આતુલ યતામા અમવાલહુમ.......કાન હુબન કબીરા.]

૮. જેઓ યતીમોનો માલ જુલમ કરી ખાઇ જાય છે ખરેખર તેઓ પોતાના પેટમાં આગ શીવાય કાંઇ ખાતા નથી: અને તેઓને જલદીથી આગમાં નાંખવામાં આવે. [૪. ૧. ઇન્નલ્લઝીન યાકોલુન......વ સ યસલવન સઇરા.]

૯. અને જ્યાં સુધી કે યતીમ પોતાની પુખ્ત ઉમરે પહોંચે નહિ ત્યાંસુધી તેના માલની પાસે પણ જશો નહી;

પણ એવી રીતે કે (તેના હકમાં) વધારે સારૂ હોય: અને કરાર પુરો કરો (કારણ) ખરેખર કરાર વીષે પુછવામાં આવશે. [૧૭. ૪. વલા તકરબુ માલલ યતીમ........ઈન્નલ અહદ કાન મસઉલા.]

પરકણ ૬ ઠું.

હરામ કામો.

વ્યાજ.

૧. હે મુસલમાનો! વ્યાજ ખાઓ નહી [કારણ] [તે મલી મલીને] બમણું ચોગણું થઈ જશે; અને ખુદાનો ડર રાખો, કદાચ તમે મુકિત મેળવો. [૩. ૧૪. યા અયયોહલ્લજીન આમનુ......લઅલ્લકુમ તુફ્લેહુન]

૨. જેઓ વ્યાજ ખાય છે તેઓ (કયામતને દીવસે) ઉભા થઈ શકસે નહી મગર તે માણસના જેવું ઉભું થવું જે કે શેતાનના સ્પર્શથી ઘેલો બની ઉભો થાય છે. આ [સજા] તેઓના એ કહેવાની છે કે જેવો વેપાર છે તેવુંજ વ્યાજ છે. (એમાં કાંઇ ફરક નથી.) પણ અલ્લાહે તો વેપારને હલાલ કીધો છે અને વ્યાજને હરામ કર્યું છે. હવે જેની પાસે પોતાના પરવરદેગાર તરફથી નસીહત પહોંચી અને તે [વ્યાજ ખાવામાંથી] અટકયો તો જે (પહેલાં) લઈ ચુકયો છે તે તેનું થઈ ગયું; અને તેનું કામ ખુદાના હાથમાં છે; અને જે (મના કીધા) ફરી (વ્યાજ) લે તો એવાજ લોકો દોઝખી છે, તેઓ તેમાં સદા રહેનાર છે. [૨. ૩૮. અલ્લજીન યા કોલુન રેબાવા....હુમ ફીહા ખાલેદુન.]

૩. ખુદા વ્યાજને ઘટાડે છે અને ખેરાતને વધારે છે અને ખેરાતને વધારે છે; અને (ખરેખર) ખુદા દરેક અનુપકારી પાપીને ચાહતો નથી. [૨. ૩૮. યમહકુલ્લાહુરરેબાવા ....કુલ્લ કફ્ફારીન અસીમ.]

૪. હે મુસલમાનો! ખુદાથી ડરો અને વ્યાજનો જે બાકી રહેલો ભાગ (લોકો પાસે બાકી) છે તે તજી આપો જો તમે ખરા મોમેન હોતો. અને જો તમે તેમ નહી કરો તો અલ્લાહ અને તેના રસુલ સાથે લડવાને માટે તૈયાર થાઓ [હુશયાર થાઓ]; અને જો તમે તોબાહ કરો છો તો તમારી અસલ મુડી તમારીજ છે; તમે [કોઈના ઉપર] ઝુલમ કરો નહી અને તેમજ તમારી ઉપર ઝુલમ કરવામાં આવશે નહી. [૨. ૩૮. યા અયયોહલ્લજીન આમનુંત્તકુલ્લાહ ....લાતઝ લેમુન વલા તુઝલમુન.]

માંસ–ગોસ્ત.

૧. અલ્લાહે તમારા માટે મુએલાં [જાનવર] ને લોહીને અને ડુકકરના માંસને અને [તે જાનવરને] જેને કાપતી વખતે ખુદાના નામ શીવાય બીજાનું નામ લેવામાં આવ્યું હોય તેને હરામ કર્યાં છે. [૨.૨૧. ઈન્નમા હર્રમે અલયકોમુલ મયતત............વ મા ઓહીલલ બેહી લે ગયરીલ્લાહ]

શરાબ અને જુગાર.

૧ હે મુસલમાનો ! શરાબ અને જુગાર અને મુર્તીઓ અને (ફાલના અગર તો સોરટીના) તીરો, (એમાંના દરેક) બસ નાપાક શેતાની કામ છે, માટે એનાથી દુર રહો કે કદાચ તમને મુકિત મળે, શેતાન તો બસ એજ ઇચ્છે છે કે શરાબ અને જુગાર વડે તે તમારામાં–આપસમાં શત્રુતા

(દુશમની) અને દ્વેષભાવ નાંખી દે અને તમને અલ્લાહને યાદ કરવામાંથી અને નમાઝથી અટકાવે. ત્યારે શું તમે અટકનાર છો? [૫ ૧૨. યા અયયોહલ્લઝીન આમનુ ઇન્નમલ ખમરો...........ફહલ અનતુમ મુનતહુન.]

વ્યભીચાર (ઝીના.)

૧. અને વ્યભીચાર (ઝીના(ની નઝદીક (પણ) જા નહી. (કારણ) ખરેખર તે એક દુષ્ટ (અને બે શરમીનું) કામ છે અને [ઘણો] ખરાબ રસ્તો છે. [૧૭. ૩. વલા તકરબુઝઝીના........વ સાઅ સબીલા.]*

પ્રકરણ ૭ મું.

શેતાનની તાબેદારીની મનાઇ.

૧. હે માણુસો! જમીન ઉપર જે ચીઝો હલાલ અને પાક છે, તેમાંથી (જે ચાહો તે) તમે ખાઓ; અને શેતાનના પગલે [પગલે] ચાલો નહી; તે તો તમારો ઉઘાડો દુશ્મન છે. તે તમને માત્ર ખરાબ અને બેશરમીના (કામ કરવાનું) કહેશે અને વળી એ (ઇચ્છશે કે) તમે ખુદા વીષે એવું બોલો કે જે તમે જાણુતા નથી. [૨ ૨૧. યા અયયોહન્નાસો કોલુ........અલલ્લાહે માલા તાઅલમુન.)

૨. હે મુસલમાનો! શેતાનના પગલે [પગલે] ચાલો નહી; અને જે (કોઇ) શેતાનના પગલે [પગલે] ચાલશે

---

* આ શીવાય બીજા હરામ કામો વિષે પણ કુરઆને પાકમાં હુકમો છે. તે આયતો આ જગ્યાએ નથી લખી. તેમજ જુલમ કરવાની મનાઇ; યોગ્ય કારણુ વગર કતલ કરવાની મનાઇ, ચોરી કરવાની મનાઇ; કેટલીક વસ્તુઓ ખાવાની મનાઇ; વીગેરે વીગેરે વીષે પણ કુરઆનમાં આયતો મોજુદ છે. (પ્ર. અ)

તો શેતાન તેને દુષ્ટ અને બેશરમીના કામ કરવાને હુકમ કરશે; અને જો તમારા ઉપર અલ્લાહુનો ફઝલ અને તેની રહમત ન હોત તો તમારામાંનો કોઇ કદી પણ પાક (અને સાફ) ન હોત; પરંતુ અલ્લાહ જેને ચાહે છે તેને પાક (અને સાફ) કરે છે; અને ખુદા સાંભળનાર અને જાણનાર છે. (૨૪. ૩. યા અયયોહલ્લઝીન આમનું લાત્તતબેઉ....... વલ્લાહો સમીઉન અલીમ.)

પ્રકરણ ૮ મું.

સારા કામો.

અલ્લાહની રાહમાં ખરચ કરવા વિષે.

૧. જેઓ પોતાનો માલ ખુદાના રસ્તામાં ખરચ કરે છે તેઓની (ખેરાતની) મીસાલ (દાખલો) તે દાણા જેવી છે જેમાંથી સાત ડુંડા ઉગે છે અને દરેક ડુંડામાં સો દાણા હોય છે; અને અલ્લાહ બમણું કરે છે જેના માટે તે ચાહે છે; અને ખુદા ઉદાર (અને) જાણનાર છે.

જેઓ પોતાનો માલ અલ્લાહની રાહમાં ખરચ કરે છે [અને] ખરચ કીધા પછી આભાર ચડાવતા નથી અને તેમજ [લેવાવાળાને] ઇજા પહોંચાડતા નથી; તેઓને માટે તેઓનો બદલો પરવરદેગાર પાસે છે અને આખેરતમાં તેઓને ધાસ્તી નથી અને તેઓ ગમગીન થશે નહી.

નરમીથી [જવાબ આપવો] અને (સાયલના ખરાબ શબદો) દરગુજર કરવા એ તે ખેરાત કરતાં વધારે સારૂં છે, જેના આપ્યા પછી [સાયલને] ઇજા દેવી: અને ખુદા

બે નયાઝ અને માયાળુ છે [૨.૩૬ મસલુલ્લઝીન યુનફેકુન ....વલ્લાહો ગનીયયુન હલીમ.]

૨. હે મુસલમાનો ! તમે તમારી ખેરાત એહસાન જતાવી અને (સાયલને) ઇજા પહોંચાડી તે માણુસની પેઠે નાબુદ કરો નહી; જે માણુસ પોતાનો માલ માણુસોને દેખાડવા માટે ખેરાત કરે છે અને ખુદા અને છેલ્લા દીવસ ઉપર ઇમાન લાવતો નથી. [૨.૩૬. યા અયયોહલ્લઝીન આમનું લા તુબતેલુ....................વલયોમીલ આખેર.]*

૩. હે મુસલમાનો ! (અલ્લાહની રાહમાં) પાક (અને સારી) ચીઝોમાંથી ખરચ કરો અને તેમાંથી (ખરચ કરો) તમે કમાયા છો અને અમે જમીનમાંથી જે કાંઈ તમારે માટે ઉત્પન્ન કર્યું છે (તેમાંથી), અને ખરાબ ચીજ આપવાનો વીચાર પણ કરશો નહી, કે તેમાંથી ખરચ કરતા થાઓ, જો કે તે ચીજ તમને કોઇ આપે તો તે તમે આંખો મીચ્યા વગર (આનાકાની વીના અગર તો ખુશીથી) લેનાર નથી: અને જાણી રાખો કે ખુદા બેનયાઝ અને સ્તુત્ય છે. [૨.૩૬. યા અયયોહલ્લઝીન આમનુ અન્ફેકુ મીન ત્યયેબાતે....................ઇન્નલ્લાહ ગનીયયુન હમીદ.]

* આ આયાત શરીફમાં ત્રણ ચીઝોની મનાઇ ફરમાવવામાં આવી છે. (૧) ખેરાત આપી, એહસાન જતાવવાની, (૨) સાયલને દુ:ખ આપવાની, (૩) ખેરાત, દુન્યાને દેખાડવા માટે કરવાની. જેઓ ખેરાત કરે તેઓએ આ ત્રણ વાતોનો ઘણો ખયાલ રાખવાનો છે. કારણ એમાંથી કોઇ પણ વાત કરશે તો તે ખેરાત નાબુદ થઇ જશે. એટલે " નેકી બરબાદ અને ગુનાહ લાઝીમ " વાળો કીસસો બનશે. (ઘ. અ)

૪. જો તમે તમારી ખેરાત જાહેર કરો (એટલે ખુલ્લી રીતે આપો) તો તે (પણ તમારે માટે) સારૂં છે, અને જો તેને છુપાવો (ગુપ્ત રાખો) અને ફકીરોને આપો તો એ [તમારા હકમાં] વધારે સારૂં છે; [અને એમ આપવાથી] ખુદા તમારા ગુનાહ માફ કરશે; અને જે કાંઈ તમે કરો છો તેની અલ્લાહને ખબર છે.* [૨.૩૭. ઈન તુબદુસ સદકાતે ફનેઈમ્મા હેય...................વલ્લાહો બેમા તાઅમલુન ખબીર.]

૫. જેઓ પોતાના માલ રાત્રીએ અને દીવસે, છુપી અને જાહેર રીતે ખરચ કરે છે, તો તેઓને માટે તેઓનો બદલો (સવાબ) તેઓના પરવરદેગાર પાસે છે; અને કયામતમાં તેઓના ઉપર ધાસ્તી આવશે નહી અને તેઓ ગમગીન થશે નહી. [૨.૩૮. અલ્લઝીન યુન્ફેકુન અમવાલહુમ..................વલાહુમ યહઝનુન.)

કરઝે હસના×

૧. તે કોણ છે જે ખુદાને [ખુશ દીલથી] કરઝ આપે, સારૂ કરઝ કે જેથી ખુદા તેના માટે તે કરઝ કંઇ ઘણું

---

*આનો અર્થ એ છે કે જો લોકોને દેખાડવાની નીય્યત નહોય તો ખેરાત ખુલ્લી રીતે કરવી પણ સારી છે કે જેથી બીજા લોકોને પણ શોખ અને રગબત થાય અને છુપી રીતે આપવી વધારે સારી છે કારણ તેમાં નામ નુમાયેશને દખલ થતો નથી અને લેનારને પણ શરમ થાય નહી. (ઈ.અ.)

× કરઝે હસના એટલે સારૂં કરઝ. એનો બીજો અર્થ સારી રીતે ધીરવું થાય છે. એટલે કે ધીરનાર માણસે સાચા દીલથી ધીરવું અને તે માટે કાંઇ પણ બદલાની ઇચ્છા ન રાખવી અને લેનાર ઉપર એહસાન ન જાહેર કરવું (ઇ.અ.)

વધારી આપે; અને ખુદા [લોકોને] તંગદસ્ત (ગરીબ) પણ કરે છે અને બહોળાઇ (પણ) આપે છે; અને તેનાજ તરફ [તમારે સઘળાને] પાછા ફરવાનું છે [૨ ૩૨. મનઝલ્લજી યુકરેદુલ્લાહ..............વ ઈલયહે તુરજઅુન]=

૨. (મુસલમાનો) જો તમે ખુદાને ખુશ દીલથી કરઝ આપશો (ધીરશો) તો તે તેનું બમણું તમને પાછું આપશે [અદા કરશે] અને તમારા (ગુનાહ) માફ કરશે અને ખુદા કદરદાન અને ધીરજવાલો છે. (૬૪.૨. ઈન તુકરેદુલ્લાહે........ ....વલ્લાહો શકુરૂન હલીમ.

૩. તે કોણ છે જે ખુદાને (ખુશ દીલથી) કરઝ આપે, સારૂ કરઝ અને અલ્લાહ તેના માટે (તે કરઝ) બમણું કરે (ખુદા તે કરઝ બમણું અદા કરે) અને તેના માટે ઘણો સારો બદલો (સવાબ) છે. [૫૭.૨. મનઝલ્લજી યુકરેદુલ્લાહ ....અજરૂન કરીમ]

ખેરાત કોને આપવી.

૧. તેઓ [લોકો] તને પુછે છે કે [ખુદાની રાહમાં] શું ખરચ કરે. (તેઓને) તું કહી આપ કે જે કાંઇ તમે માલમાંથી ખરચ કરો તો તે તમારા માબાપનો હક છે. અને નજીકના સગાંઓનો, અને યતીમોનો અને મોહતાજોનો અને મુસાફેરોનો (હક છે) અને તમે જે કાંઇ ભલાઈ કરશો, તે અલ્લાહ જાણનાર છે. * (૨.૨૬. યસઅલુનક

= અલ્લાહને કરઝ આપવું એટલે ખુદાની રાહમાં ખરચ કરવું અગર ખુદાના નામે કોઇને કરઝ આપવું.

* આ આયત રીપે હઝરત શાહ અબદુલ કાદર (રહમતુલ્લાહ અલયહ) લખે છે કે " લોકોએ પુછયું હતું કે " માલોમાંથી કયા

માઝા યુનફેકુન........ફઈન્નલ્લાહે બેહી અલીમ).

૨. ખેરાત તો એવા ફકીરો માટે છે જેઓ કે અલ્લાહના રસ્તામાં (દીનના કામમાં) ઘેરાયેલા છે અને તેઓ કેથે (કમાવા માટે) જઈ શકતા નથી; અને જે [તેઓના હાલથી] જાણકાર નથી તે તેઓને તવંગર સમજે છે (કારણ) તેઓ ભીખ નથી માંગતા પણ તું તેઓને જુએ તો ચહેરા પરથી જાણી લેશે (કે તેઓ ગરીબજ છે) પણ તેઓ માણસોને બાઝી પડી માંગતા નથી. અને જે કાંઈ તમે તમારા માલમાંથી ખરચ કરશો, તે અલ્લાહ જાણનાર છે. (૨.૩૮ બીલ ફોકરા ઈલલઝીન ઊહસેરૂ........ ફઈન્નલ્લાહે બેહી અલીમ.)×

ઝકાતનો ઉપયોગ.

૧- ઝકાત માત્ર ફકીરોને (માટે છે) અને મીસકીનોને અને ઝકાત એકઠી કરનારાઓને અને જેઓના અંતઃકરણનું (ઈસલામ તરફ) વલણ થયેલું છે તેઓને અને ગુલામોના છુટકારાને અને કરઝદારોને અને ખુદાના રસ્તાને (એટલે લડાઇ વીગેરે માટે) અને (લાચાર) મુસાફેરોને માટે છે. આ

માલને ખરચ કરવામાં સવાબ છે.” તો જવાબમાં ફરમાવ્યું (ખુદાએ) કે:—“ માલ કોઈ પણ હોય, પણ જે ઠેકાણેસર (એટલે જે જગ્યાએ ખરચ કરવાનો હોય તેજ જગ્યાએ ખરચ કરવામાં આવે) ખરચ કરવામાં આવે તો તેનો સવાબ વધારે છે. જેટલો ઠેકાણેસર હશે તેટલોજ સવાબ વધારે થશે. ” (ઈ. અ.)

× આ માણસો ફકીર મોહાજેરો હતા. તેઓ પાસે કાંઈજ હતું નહી. તેમ તેઓને રહેવાને ઘર નહોતા. તેઓ રાત્રે મસજીદે નબવીના ઓટલા ઉપર પડી રહેતા હતા (અને એજ કારણે તેઓને “ અસહાબે સુફ્ફહ કહેવામાં આવે છે. “સોફ્ફા” નો અર્થ ઓટલા થાય છે) અને તેઓ ઇલમ શીખતા હતા. આ આયત વીષે શાહ અબ્દુલ કાદર સાહેબ (રહ.) લખે છે કે “તેઓને (ખેરાત)

એક ખુદા તરફથી (મુસલમાનો ઉપર) ફરજ છે. અને ખુદા જાણનાર અને હીકમતવાલો છે [૯. ૮. ઇન્નમસસદકાતો લીલફોકરાએ .... વલ્લાહો અલીમુન હકીમ] =

જન્નતમાં કોણ જશે.

૧. ખરેખર ઇમાનવાલાઓ પોતાની મુરાદોએ પહોંચી ગયા છે (રસ્તગાર થયા છે). (એ તેઓ છે કે) જે પોતાની નમાઝમાં આજેજી કરનાર, અને જેઓ નીર્થક વાતચિતો-માંથી મ્હોં ફેરવનાર, અને જેઓ ઝકાત આપનાર અને જેઓ પોતાની શરમગાહોને જાળવી રાખનાર છે, પણ પોતાની સ્ત્રીઓ અથવા પોતાના હાથના માલ (લોંન્ડી) થી કે એમાં તેઓના ઉપર કાંઇ ઠપકો નથી. પછી જેઓ આ સીવાય (બીજી સ્ત્રીઓ) તલબ કરે તો તેઓજ હદ બહાર જનારા છે. અને જેઓ પોતાની અમાનત અને વચન

આપવાનો વધારે સવાબ છે જેઓ કે અલ્લાહની રાહમાં અટકી પડયા છે અને કમાઇ નથી શકતા, અને પોતાની હાજત જાહેર કરતા નથી, જેવા કે હઝરતના સહાબી એહલે સફ્ફહ હતા. પોતાના ઘરબાર છોડી હઝરતના સાથે ઇલમ શીખવા માટે રહેતા હતા. એવીજ રીતે આ વખતમાં પણ જે કોઇ દીની ઇલમ મેળવતો હોય અગર કુરઆન શરીફ હીફ્ઝ કરતો હોય; તો લોકોની ફરજ છે કે તેને મદદ કરે ”

શાહ સાહેબ (રહ) ના છેલ્લા વાકયો તરફ મુસલમાનોનું ખાસ લક્ષ ખેંચવા માગું છું. જો એના ઉપર અમલ કરવામાં આવતે તો જ્ઞાન સંબંધી આવી ખરાબ સ્થીતી થને નહીં જેવી હાલમાં છે.

= આ જમાનામાં ઝકાતના પૈસાનો ઘણો દુર ઉપયોગ થઇ રહયો છે. જેવા માણસોને પઇસા આપવા નહી જોઇએ તેવાઓને વધુ ભાગે આપવામાં આવે છે. અને એથી ખરા હકદારો તો બીચારા રહી જાય છે. આ વીષે વધુ પ્રસતાવનામાં જુઓ.(ઇ. અ.)

જાળવનાર છે, અને જેઓ પોતાની નમાઝોના પાબંદ છે, આજ લોકો (અસલી) વારસ છે, જેઓ ફીરદોસ (જન્નત)નો વારસો લેશે અને તેઓ તેમાં હંમેશા હંમેશા (નિરંતર) રહેશે. (૨૩. ૧. કદ અફ્લહલ મુમેનુન...........અલ્લઝીન યરેસુનલ ફીરદોસ, હુમ ફીહા ખાલેહુન.)

૨. ઈમાનવાલા પુરૂષો અને ઇમાનવાલી સ્ત્રીઓને ખુદાએ બહેસ્તના બાગો (બગીચા) નો વાયદો આપ્યો છે, જેની નીચે નહેરો (નદીઓ) વહી રહી હશે અને તેમાં તેઓ હંમેશા હંમેશા રહેશે. તેમજ [અલ્લાહે તેઓને] હંમેશ રહેનાર બહેસ્તમાં પાક ઘરોનો વાયદો આપ્યો છે. અને ખુદાની ખુશનુદી (ખુશી) જે તેઓથી હશે તે આ બધી તેતમતોથી સૌથી મ્હોટી છે; આજ છે મ્હેટી રસગારી. (૯ ૯. વઅદલ્લાહુલ મુઅમેનીન........ઝાલેક હોવલ ફોઝુલ અઝીમ)

દોઝખમાં કોણ જશે.

૧. મુનાફેક પુરૂષોને અને મુનાફેક સ્ત્રીઓને અને કાફેરોને ખુદાએ દોઝખની આગનો વાયદો આપ્યો છે. તેમાં તેઓ હંમેશા હંમેશા રહેનાર છે; તે તેઓને બસ કરશે અને અલ્લાહે તેઓના ઉપર લાઅનત કરી છે અને તેઓને માટે હંમેશની સીક્ષા છે. [૯. ૯. વઅદલ્લાહુલ મુનાફેકીન ....વલહુમ અઝાબુમ મુકીમ.]

૨. (જન્નતીઓ દોઝખીઓને પુછશે) કે કઈ ચીઝે તમને દોઝખમાં દાખલ કર્યા ? તો (જવાબમાં દોઝખ્યો) કહેશે કે અમે નમાઝ પઢનારાઓમાંના નહોતા; અને જેઓ (મઝહબ વીષે) બકવાસ (નીંદા) કરતા હતા; તેઓના સાથે

અમે પણ [બકવાસ) કરતા હતા; અને અમે બદલાના દીવસને જુઠલાવતા રહ્યા જ્યાં સુધી કે અમને (મર્યા પછી આંખોએ જોયું તો] યકીન (ભરોશો) આવ્યું.
*(૭૪. ૨. મા સલકકુમ ફી સકર........હત્તાઅતાનલ યકીન.]

પ્રકરણ ૯ મું.

દુઆઓ.

૧. અય અમારા પરવરદેગાર! જો અમે ભુલ કરીએ અથવા ચુકી જઇએ તો અમને (તેની સીક્ષામાં) પકડ નહી; હે અમારા પરવરદેગાર અમારી ઉપર ભારે બોજો નાંખ નહી, જેમ અમારા પહેલા જેઓ હતા તેના ઉપર તેં નાખ્યો હતો; અને અય અમારા પરવરદેગાર! જે ઉઠાવવાની અમારામાં શકિત નથી તે અમારાથી ઉઠવાવ નહી; અને અમારી ભુલોથી દરગુજર કર અને [અમારા ગુનાહ) માફ કર અને અમારા ઉપર રહમ કર; તુંજ અમારો મદદગાર છે માટે અમને કાફેર કોમ ઉપર ફતેહ આપ. (૨. ૪૦. રબ્બના લાતુઆખેઝના ઇન નસીના.... ....ફન્સુરના અલ્લકોમીલ કાફેરીન;)

---

* આ આયત શરીફથી એમ સાફ જણાય છે કે ચાર કામ કરવાલા માણસો દોઝખમાં જશે. (૧) નમાઝ નહી પઢનારા બેનમાઝિયો, (૨) મીસકીનોને નહી ખવડાવવાવાલાઓ, (૩) મઝહબ વીષે ખોટી હુજ્જતો કરવાવાલાઓ (૪) અને કયામતને નહી માનવાવાલાઓ ઉપરના નંબર એક તરફ મુસલમાનોનું ખાસ ધ્યાન ખેંચવા માંગુ છું [ધ. અ.)

૨. હે અમારા પરવરદેગાર! અમારી વચ્ચે અને અમારી કોમ વચ્ચે તું સત્યથી હુકમ કર અને તું સૌથી ઉત્તમ હોકમ આપનાર છે. (૭. ૧૧. રબ્બન ફતહ બયનના વ બયન કવમીના......ખયરૂલ ફાતેહીન.)

૩. અય અમારા પરવરદેગાર અમે એક પુકારનારને સાંભળ્યો છે કે ઈમાન માટે પોકારે છે (અને કહે છે] કે તમે તમારા પરવરદેગાર ઉપર ઈમાન લાવો; માટે અમે ઈમાન લાવ્યા છીએ; માટે હે અમારા પરવરદેગાર અમને (અમારી ભુલો) માફ કર અને અમારા ઉપરથી ખરાબીઓ દુર કર અને નેક લોકો સાથે અમારો ખાતમાહ બીલ ખેર (મૃત્યુ) કરજે. [૩. ૨૦. રબ્બના ઈન્નના સમેઅના............ વ તવફ્ફના મઅલ અબરાર.)

૪. હે અમારા પરવરદેગાર અમને ખરા રસ્તા ઉપર લાવ્યા પછી તું અમારા અંતઃકરણને અનિશ્ચિત કર નહી. અને તારી સરકારથી અમને રહમતની બક્ષીસ કર; ખરેખર તું મ્હાન બક્ષીસ કરનાર છે. (૩. ૨. રબબના લા તોઝેગ કોલુબન........ઈન્નક અન્તલ વહહાબ.)

૫. તેઓ [પરહેઝગારો] કહે છે કે અય અમારા પરવરદેગાર અમે ઈમાન લાવ્યા છીએ માટે અમને અમારા ગુનાહ માફ કર અને અમને દોઝખના અઝાબથી બચાવ. [૩. ૨. અલ્લઝીન યકુલુન રબબના ઈન્નના...............વ કીના અઝાબન્નાર.]

આમીન યા રબ્બુલ આલમીન.

નીચલા પુસ્તકો દરેક ઇસ્લામી ઘરમાં રાખવા જોઇએ.

વિશ્વધર્મ ઇસ્લામ–(લખનાર વલીમોહમ્મદ મોમિન) આ ચારસો પાનાનું દળદાર પુસ્તક હમણાંજ બહાર પડ્યું છે. શુદ્ધિ અને સંગઠનની હિલચાલ સમયે આ પુસ્તક એક ખરા રાહબરની ગરજ સારે છે. ઇસ્લામ મઝહબ દુનિયાનો સર્વોપરી અને સ્વભાવિક ધર્મ હોવાની અકલી દલીલો વાંચવા લાયક છે. પહેલા ભાગમાં વિશ્વ ધર્મ મંડળની સભાઓના ભાષણો તથા આર્ય સમાજ સાથેનો વાદવિવાદ છે. બીજા ભાગમાં વાર્તારૂપે ઇસલામી બાબતોની સ્વભાવિકતા સાબિત કરી છે. વાર્તાનો પ્લોટ નિહાયત દિલચસ્પ છે. સોનેરી નામ સાથના પાકા પુંઠાની કીમત ફક્ત ત્રણ રૂપીયા.

સફરનામુ–પ્રખ્યાત બુઝુર્ગ હઝરત મખદુમ જહાંનીયા જહાંગસ્ત રહે૦ નું સફરનામું ગુજરાતીમાં બહાર પડી ચુકયું છે જેમાં લગભગ આખી દુનિયામાં થઇ ગએલા મજઝુબ, સાલિક સુફી, અબદાલ અવતાદ, ગૌષ, કુતુબ તથા અવલીયા અલ્લાહ અને પયગમબરોની મનન કરવા જોગ હકીકત લખવામાં આવી છે દરેક ઇસલામી કુટુંબોમાં આ પુસ્તકની એક નકલ તો રાખવીજ જોઇએ. આવા પુસ્તકો કાંઇ વારે ઘડીએ પ્રગટ થતાં નથી. કીંમત દસ આના

જંગે બદર–આ પુસ્તકમાં ઇસલામી તવારીખની સઉથી પહેલી લડાઇ બદરનું વાર્તારૂપે વર્ણન છે. બદરની લડાઇના નામથી ભાગ્યેજ કોઇ અંજાણ હશે. માત્ર ગણત્રીના ઇસલામી વીરોએ હઝરત રસુલે અકરમ સલ૦ ની સરદારી હેઠળ મક્કાના મુશરિકોને આપેલી હારનું વર્ણન વાંચતાં શુરાતન વ્યાપે છે. પ્લોટ નિહાયત દિલચસ્પ અને રસીક છે. પુસ્તકની સુંદરતામાં વધારો કરવા સારૂ સાત સુંદર ફોટો પણ આપવામાં આવ્યા છે. સોનેરી નામ અને પાકી બાંધણીના પુસ્તકની કીમત દેઢ રૂપીઓ.

નઝરબંદ ગાઝી–સુલતાન મેહમુદ ગઝનવીએ સોમનાથ ઉપર કરેલી ચઢાઇનું દિલચસ્પ વર્ણન વાર્તારૂપે કરેલું છે. સુલતાનના એક બહાદુર ગાઝીનું મહારાજાની દીકરીના હાથે ભોંયરામાં ભેદી રીતે નઝરબંદ થવું, કુંવરીનો પ્રેમ, ગાઝીની બીબીનો ભેદ છેવટે સુલતાનની ફતેહ અને એક મોટા ભેદનું ખુલ્લું થવું. પાકા પુંઠાના પુસ્તકની કીમત દોઢ રૂપીઓ.

અમીર હસન નિઝામી. **પાંચપટી—અમદાવાદ.**

અલ્લાહો અકબર

આ કિતાબ નીચલે ઠેકાણેથી મળશે.

સોલ એજન્ટ,

અમીર હસન નિઝામી પાંચપટી અમદાવાદ.

નિઝામીયા બુક ડીપો ત્રણ દરવાજા અમદાવાદ.

સબ એજન્ટો,

મુનશી ગુલામ ખ્વાજા બુકસેલર મોટી ઘડીયાલ પાસે—સુરત.

એમ. એચ. અબ્દુ ૩૦૫, સુરતી બી. બઝાર—રંગુન

આફ્રીકા ખાતે

બેલફાસ્ટ—(ટ્રાન્સવાલ) મોહમદ અહમદ ભાભા

મીડલબર્ગ— ,, ઇ. એ. ભાભા

પ્રીટોરીઆ— ,, એમ. ઇ. એ. કુરેશી ના ૧૫૮ પ્રીન્સલુ સ્ટ્રીટ

ડરબન—(નાટાલ) અબદુલ ગફાર પ્રાઇવેટ ટીચર
ના. ૨૩૦ ગ્રે સ્ટ્રીટ.

,, ,, ઇન્ડીયન વ્યુઝની ઓફિસ.

લોરેન્સો માર્કસ (ડેલાગોઆબે) એ. આર. સુલેમાનજી
પી. ઓ. બોક્સ ન. ૯૫
